॥ નમો નમઃ શ્રી ગુરૂપ્રેમસૂરયે ॥

# ચિત્કાર

**પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત**

***શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી***

**મહારાજા**


● પ્રકાશક ●

**સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ**

**સ્થાપક : શ્રાદ્ધવર્યા મૂળીબેન અંબાલાલ શાહ**

**માણેક ચોક, ખંભાત**

**સંવત ૨૦૬૧** **કિંમત રૂા.૧૦/-**





● પ્રાપ્તિસ્થાન ●

● **બી.એ. શાહ એન્ડ બ્રધર્સ**
૨, અરિહંત એપાર્ટમેન્ટ, એસ.વી.રોડ,
ઈર્લા, પાર્લા (વેસ્ટ), મુંબઈ-૫૬.
ફોન : ૨૬૨૫૨૫૫૭

● **પી.એ.શાહ જ્વેલર્સ**
૧૧૦, હીરાપન્ના, હાજીઅલિ, મુંબઈ-૨૬.
ફોન : ૨૩૫૨૧૧૦૮, ૨૩૬૭૧૨૩૯

● **દિલીપ રાજેન્દ્રકુમાર શાહ**
નંદિતા એપાર્ટમેન્ટ, ભગવાનનગરનો ટેકરો,
પાલડી, અમદાવાદ-૭. ફોન : ૨૬૬૩૯૧૮૯

● **ડૉ. પ્રકાશભાઈ પી. ગાલા**
બી/૬, સર્વોદય સોસાયટી, સંઘાણી એસ્ટેટ,
એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર, (વેસ્ટ) મુંબઈ-૮૬
ફોન : ૨૫૦૦૫૮૩૭

● **ચંદ્રકાંત એસ. સંઘવી**
૬/બી, અશોકા કોમ્પલેક્ષ, રેલ્વે ગરનાળા પાસે,
પાટણ (ઉ.ગુ.) ફોન : ૨૩૧૬૦૩

Printed by : **SHREE PARSHVA COMPUTERS,**
58, Patel Society, Jawahar Chowk, Maninagar, A'bad-8. Tel.25460295




## ઉપોદ્ઘાત

ઈતિહાસમાં દ્વારકાના દાવાનળમાં કરોડો જીવો જીવતા ભડકે બળ્યાના દૃષ્ટાંતો નોંધાયા છે. ઔરંગઝેબ, અલાઉદ્દીનના ભયંકર જુલમોની કથનીઓ કંડરાઈ છે. કલકત્તાની કાળી કોટડીની દાસ્તાનો લખાઈ છે. લાખો યહુદીઓની એક સાથે કતલ કરવાની હિટલરશાહીની કલંક કથાઓ આલેખાયેલ છે. નાગાસાકી અને હિરોશીમા પર અણુબૉંબ દ્વારા ભયંકર માનવહત્યાની હકીકતો જાહેર થયેલ છે. પણ લાખો માતાઓ જન્મતા પૂર્વે પોતાના બાળકોની હત્યા કરે અને રાજ્યસત્તા એને પ્રોત્સાહન આપે તેવી કલંક કથા તો માત્ર વર્તમાનકાળને જ વરી છે. ઈતિહાસના સંશોધકોએ લાખો વર્ષોના ઈતિહાસમાં પણ આવી કોઈ વાત બન્યાનું સંશોધન દ્વારા જાહેર કરેલ નથી. અને છતાં આ કાળને વિકાસકાળ કહેવાય છે. એ કલિકાળની બલિહારી છે.



સદ્બુદ્ધિ તો એમ કહે છે કે ઔરંગઝેબ, અલાઉદ્દીન, દ્વૈપાયન, અણુબૉંબના સંશોધકો કરતા પણ જન્મતા પૂર્વેના બાળકની હત્યા કરનારી માતા અપેક્ષાએ વધુ પાપિણી છે. કેમકે આ ક્રુર માનવીઓએ અન્યોની હત્યા ભલે કરી પણ પોતાના બાળકોને તો સદાય પ્રેમ જ કર્યો છે. જ્યારે આ માતાઓએ તો જેણે હજી જગત જોયું નથી તેવા નિર્દોષ પોતાના જ બાળકોની હત્યાનું ઘોર પાપ કર્યું છે. અને આવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપનાર સત્તાઓ જેવી પણ કોઈ પાપિણી સત્તા નથી.

**ભારતની સંસદ તો એ દિવસથી જ કલંકિત થઈ ગઈ છે જે દિવસથી એણે ગર્ભહત્યાને કાયદેસર ગણવાનો કાળો કાયદો પસાર કર્યો. રક્ષ્ય એવા નિર્દોષ શિશુઓની રક્ષા કરવાને બદલે હત્યાને પ્રોત્સાહન આપ્યું ત્યારથી જ ભારત સરકારના માથે હિંસાનું કાળુ કલંક લાગ્યું છે. અને આવા કાર્યો માત્ર થોડા રૂપિયાની લાલચથી કરનારા ડોક્ટરો અને નર્સોને તો**

**માનવરાક્ષસોનું બિરુદ પણ ઓછું પડે તેમ છે.** આ કાયદો અને આ પાપવૃત્તિ જ્યાં સુધી હસ્તીમાં છે ત્યાં સુધી ભારતને મહાવીર, રામ, કૃષ્ણ, બુદ્ધ વગેરેની ગૌરવગાથા ગાવાનો તથા તેના વંશજ તરીકે પોતાને ઓળખાવવાને અધિકાર શી રીતે હોઈ શકે ?

ભારતીય સંસ્કૃતિના ભવ્ય ભૂતકાળની ગૌરવગાથા કયા મુખે ભારતીયો ગાઈ શકતા હશે એ સમજાતું નથી.

વર્ષો પૂર્વે વિશ્વયુદ્ધ પ્રસંગે ભારતની આઝાદી માટે બ્રિટીશ રાજ્ય સામે બળવો ખેલનારા આઝાદ હિંદ ફોજના ત્રણ મોટા અફસરો કેપ્ટન શાહનવાઝ, કેપ્ટન ધિલોન, કેપ્ટન સહગલ પર વિજયી થયા પછી બ્રિટીશ સરકારે કામ ચલાવ્યું ત્યારે તેની વકીલાત કરવા ભુલાભાઈ દેસાઈ તૈયાર થઈ ગયા. ઈંદિરાના હત્યારા સતવંતસિંગને પણ બચાવવા વકીલ મળ્યા. પણ અફસોસ આ નિર્દોષ ભુલકાઓની



રક્ષા માટે આ આર્યભૂમિમાં એક પણ વકીલ છેલ્લા વર્ષોથી કોઈ ઊભો થતો નથી. બાળહત્યાની કરૂણ દાસ્તાન કોઈના હૃદયને પીગળાવી શકતી નથી. કોઈને પણ કરોડોની સંખ્યામાં કપાતા બાળકોના ચિત્કાર સંભળાતા નથી. શું ભારત બિનધાર્મિક રાજ્ય થઈ ગયું છે ? ભારતમાં કયા ધર્મનું અસ્તિત્વ છે ? હિંદુ ધર્મનું, તો શું હિંદુધર્મ આ બાળ હત્યામાં સંમતિ આપે છે? ઈસ્લામ ધર્મએ આ ક્રૂર હત્યાને આવકારી છે ? ખ્રિસ્તી ધર્મે આ કાર્યને અતિપાપ તરીકે નથી ગણ્યું ? જૈન ધર્મે આના ફળ તરીકે નરકગતિ નથી વર્ણવી ? ભારતના બધા જ ધર્મોએ આ કૃત્યને જો મહાપાપ તરીકે જાહેર કર્યું હોય, છતાં પણ જો આ મહાપાપને સરકારી કાયદાથી કાયદેસરપણું મળતું હોય અને સ્વાર્થાંધ ડોક્ટરો-નર્સો આ ભયંકર પાપ પૈસાના લોભે વિશાળ પાયા પર કરી રહ્યા હોય, છતાં ભારતીય પ્રજામાંથી કોઈના પેટનુંય પાણી હાલ્યું ન હોય, ત્યારે એ જ સમજવું રહ્યું



કે ભારતમાં કોઈ જ ધર્મનું હાલ અસ્તિત્વ નથી.

અને બહેનો અને માતાઓને તો શું જણાવવું, એ માટે કલમ પણ ઉપડતી નથી. હે માતાઓ અને બહેનો! તમે આજે ભુલા પડ્યા છો, તમે તમારી જાતને ભુલી ગયા છો, તમે કોના સંતાન છો એની તમને ખબર નથી. તમે કઈ માતૃભૂમિમાં જન્મ લીધો છે એની પણ જાણે તમને ખબર નથી માટે જ તમે ઘણાં ઘણાં ઊંધા રસ્તે ચઢી ગયા છો. તમે પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રવાહમાં સરકી પડ્યા છો. તમે એ સતી સીતાના વારસદાર છો કે જે સતી સીતાએ રાવણ શરીરને સ્પર્શ કરે એ પહેલા જ પ્રાણની આહૂતિ આપી દેવાનો નિર્ણય કર્યો હતો. તમે એ સુરસુંદરીના દેશમાં, સમાજમાં કે સંઘમાં જન્મ્યા છો કે જેણે પોતાના શીલની રક્ષા ખાતર પ્રાણની આહૂતિ આપવાની તૈયારી કરી દીધી હતી. તમે એ રતિસુંદરીના દેશમાં જન્મ્યા છો કે જેણે પોતાની આંખના રૂપમાં મોહાંધ



બનેલ પરરાજાને પ્રતિબોધ કરી માર્ગે લાવવા અને પોતાના શીલની રક્ષા કરવા લોખંડના સળીયાથી આંખ કાઢીને હાથમાં આપી દીધી હતી. તમે એ દેશમાં જન્મ્યા છો જ્યાં પોતાના શીલની રક્ષા કરવા માટે, અલાઉદ્દીન ખીલજીની મલિન ભાવનાને વશ ન થવા માટે મેવાડની પદ્મિની વગેરે પંદર હજાર રજપુતાણીઓએ અગ્નિકુંડમાં ઝંપલાવી, જીવન કરતા શીલનું વધુ મૂલ્યાંકન કર્યું હતું.

ઈતિહાસની કેટલી બલિદાનની કથનીઓ તમારે સાંભળવી છે? તમે પાછા મૂળ માર્ગમાં આવી જાવ. જીવનમાં પતિવ્રતા અને અહિંસાવ્રતને અસ્થિમજ્જા કરી સારી માતાઓ બની, આ ભૂમિને પરાક્રમી, સત્વશીલ પ્રજાની ભેટ આપો, તમે જ ખોટા રસ્તે હશો તો આ દેશને સારી સત્વશીલ પ્રજા ક્યાંથી મળશે ? અને એ નહિ મળે તો આ દેશનો ખાતમો બોલતા કોણ અટકાવી શકશે?

જુઓ તમારા જેવી કોઈક **ત્રિશલા** જેવી સ્ત્રીએ જન્મ આપી પોતાના પુત્રને જગતમાં **મહાવીર** બનાવ્યો. તમારા જેવી જ કોઈ **જીજાબાઈએ** જન્મ આપી પોતાના પુત્રને હિંદુ સંસ્કૃતિનો રક્ષણહાર **શિવાજી** બનાવ્યો. તમારા જવી જ કોઈ **પાહિણીએ** પોતાના પાંચ વર્ષના બાળને ગુરુચરણમાં સોંપીને કલિકાળ સર્વજ્ઞ **હેમચંદ્રાચાર્ય** બનાવ્યા કે જેના પ્રભાવે લગભગ સમસ્ત ભારતમાં અહિંસાનો ઝંડો લહેરાયો. આ દેશના ઉચ્ચ ચારિત્ર ઘડતરમાં તમારો હિસ્સો જ મોટો છે. તમારા માથે જ મોટી જવાબદારી છે. તમે જ જો મર્યાદાને વટાવશો, બાળ હત્યાના કરનાર બનશો તો આ પૃથ્વીને કોણ જીવાડશે ? તમારા આત્માની ખાતર, તમારા કુટુંબની ખાતર, તમે જે સમાજમાં વસો છો તે સમાજની ખાતર, દેશ અને દુનિયાની ખાતર પણ તમે સ્વસ્થ બનો. પાશ્ચાત્ય સંસ્કૃતિના ઊંધા રવાડેથી પાછા ફરો. બ્રહ્મચર્ય અને સદાચારની મર્યાદાના



ચુસ્ત પાલક બનો. અહિંસાનો નાદ તમારા જીવનમાં ગાજતો કરી જગતમાં પસરાવો.

પ્રાન્તે માનવતાને કલંકરૂપ આ પાપ વિશ્વમાં ઘણું વિસ્તર્યું અને વિસ્તરતા વિસ્તરતા એ પાપ છેક જૈન સંઘ સુધી પણ આવ્યું છે. તેથી અત્યંત વ્યથિત થઈને નરકગતિના કારણભૂત આ પાપથી અનેક પાપભીરુ યોગ્ય આત્માઓ બચી જાય, તે દ્વારા અનેક બાળકો પણ પારાવાર યાતનાપૂર્વકના દેહાંતના દુઃખમાંથી છુટકારો મેળવે, તે માટે નાનોશો પ્રયત્ન આ પુસ્તિકા દ્વારા કર્યો છે. આ નાનોશો પ્રયત્ન બીજરૂપ બની તેમાંથી મહાન પુરુષાર્થનો વડલો ઊભો થાય અને માનવતાનું આ કલંક ભુસાઈ જાય એવા મનોરથોને સેવતા આ ઉપોદ્‌ઘાત પૂર્ણ કરું છું.

**— આ. હેમચંદ્રસૂરી**



## ત્રિશલાદેવીનો ગર્ભસ્થ પુત્ર વર્ધમાન (મહાવીર) પરનો પ્રેમ

ભગવાન મહાવીર પરમાત્માના જીવનનો એક પ્રસંગ છે. ભગવાન મહાવીર માતાના ગર્ભમાં હતા ત્યારે ભગવાન માતાને દુઃખ ન થાય, કંઈ પણ તકલીફ ન પડે એ માટે માતાની ભક્તિ માટે ગર્ભાવસ્થામાં નિશ્ચલ બની ગયા. જરા પણ સ્પંદન ન થાય તેવી રીતે રહ્યા. 'અન્ય જીવોએ પણ માતાની ભક્તિ કરવી જોઈએ', એ બતાવવા જાણે ભગવાન અત્યંત ગુપ્ત નિશ્ચલ બની ગયા.

પરંતુ પરિણામ જુદુ આવ્યું. ગર્ભના હલન ચલન બંધ થવાથી ત્રિશલાદેવી ચિંતામાં પડ્યા, તેમ શંકાશીલ બન્યા. તેમને એમ થયું કે શું મારો ગર્ભ કોઈ દેવાદિએ હરણ કરી લીધો, અથવા ગર્ભ ચ્યુત થઈ ગયો (નાશ પામ્યો), ગળી ગયો કે જેથી પૂર્વે મારો ગર્ભ કંપમાન હતો તે



હાલમાં કંપતો નથી. આથી ત્રિશલાદેવીનું ચિત્ત સંકલિષ્ટ થયુ અને ચિંતાથી ઉત્પન્ન થયેલા શોકના સાગરમાં દેવી ડૂબી ગયા. બે હાથમાં મોઢુ રાખી ભૂમિ ઉપર દૃષ્ટિ રાખેલા દેવી વિચારે છે. જો ખરેખર મારા ગર્ભને કંઈ પણ અનિષ્ટ થયું હશે તો પુણ્ય વિનાના જીવોમાં હું અગ્રેસર થઈશ અથવા ભાગ્યહીનના ઘરમાં ચિંતામણીરત્ન રહેતું નથી. દરિદ્રના વશમાં રત્નનિધાનની સંગતિ થતી નથી. ભૂમિના જ ભાગ્યના અભાવે મરુભૂમિમાં કલ્પવૃક્ષ થતું નથી.

## ત્રિશલા વિલાપ

હા..હા.. ધિક્કાર થાવ, ધિક્કાર થાવ દૈવને, વક્ર એવા તેણે આ શું કર્યું ? મારા મનોરથ તરુને એણે મૂળથી જ ઉખેડી નાંખ્યો, મને નિર્મળ ચક્ષુયુગલ આપીને લઈ લીધું, રત્નનિધિ આપીને મારી પાસેથી અધમ એવા દૈવે ઝુંટવી લીધો, મેરુના શિખર પર ચઢાવી આ પાપી દૈવે મને નીચે

પાડી દીધી, ભોજનનું ભાજન પીરસીને નિર્લજ્જ એવા એણે પાછું ખેંચી લીધું.

અથવા હે વિધાતા! આ ભવમાં મારાથી એવો શું અપરાધ કરાયો કે જેથી આમ કરતા તું ઉચિત અનુચિતને વિચારતો જ નથી ?

હવે શું કરું? કોની પાસે જાઉં? કોની આગળ વાત કરું ? દુર્દૈવે મને બાળી નાખી, અધમ એવા તેણે મુગ્ધ એવી મને ગળી ખાધી.

હવે આ રાજ્યથી શું ? અથવા હવે ઉત્તમ વિષયોથી ઉત્પન્ન થતા કૃત્રિમ સુખોથી શું ? અથવા વસ્ત્ર, શય્યા, મહેલ વગેરેથી ઉત્પન્ન થતા સુખને શું કરવું છે? ગજ વૃષભાદિ ચૌદ સ્વપ્નોથી સુચિત, પવિત્ર, ત્રણ જગતને પૂજ્ય, ત્રિભુવનના મિત્ર, લોકને આનંદ પમાડનાર એવા પુત્ર વિના આ જગતને મારે શું કરવું છે ?

અસાર સંસારને ધિક્કાર થાવ ! દુ:ખથી વ્યાપ્ત



વિષય સુખના અંશોને ધિક્કાર થાવ ! મધથી લેપાયેલ ખડગની ધારાને ચાટવા જેવા જ તે મનોહર છે.

અથવા મેં પૂર્વ ભવે કંઈ તેવા પ્રકારનું દુષ્કૃત કર્યું હશે. કેમકે ઋષિઓએ ધર્મશાસ્ત્રમાં કહ્યું છે.

**પશુ, પક્ષી અને મનુષ્યોના બાળકોનો જે વિયોગ કરાવે છે, તે પુત્ર વગરનો થાય છે, અથવા તો સંતતિ થાય તો પણ નાશ પામે છે.**

શું પાડીઓનો મેં ત્યાગ કર્યો હશે અથવા અધર્મબુદ્ધિ વડે ત્યાગ કરાવ્યો હશે ? અથવા તો નાના વાછરડાઓનો માતાથી વિયોગ કરાવ્યો હશે ? અથવા તો તેઓના દૂધને અટકાવ્યુ હશે અથવા તો લોકો વડે અટકાવ્યું હશે? અથવા નાના બચ્ચાઓ સહિત ઉંદરોના બિલોને પાણીથી પૂરી દીધા હશે? અથવા તો ઈંડા અને નાના બચ્ચાઓ સહિત પક્ષીઓના માળાઓને જમીન પર ફેંકાવી દીધા હશે ? અથવા તો કોયલ, પોપટ,



કુકડા આદિઓને તેમના બચ્ચાના વિયોગથી ઝુરતા કર્યા હશે ? અથવા તો બાળહત્યા કરી હશે કે શોક્યના પુત્ર માટે ભયંકર કસાઈને પણ કંપારી આવે તેવું અનિષ્ટ ચિંતવ્યું હશે? અથવા તો કામણ ટુમણાદિ કર્યા હશે અથવા ગર્ભને થંભાવવો, અંદર જ ગાળી નાખવો અથવા પાડી નાખવા વગેરે કર્યું હશે? અને તેને લગતા મંત્ર,દવા,ઔષધિઓના ઉપયોગ કર્યા હશે? અથવા પરભવમાં મારા વડે શું બહુવાર શીલભંગ કરાયો હશે ? કેમકે આવું દુ:ખ તેના વિના સંભવતું નથી. કેમકે કહ્યું છે કે -

**પૂર્વભવમાં શીલનો ભંગ કરનારી સ્ત્રી વેશ્યાપણું, વિધવાપણું, દુર્ભગપણું, વન્ધ્યાપણું (પુત્રરહિતપણું) નિન્દુપણું, (મૃત પુત્રને જ જન્મ આપે તે નિન્દુ) અને વિષકન્યાપણું વગેરે મેળવે છે. (તેથી દૃઢ રીતે શીલને ધારણ કરવું)**

આ પ્રમાણે ચિન્તાથી દુ:ખી બનેલી, કંઈક



વિચારમાં મગ્ન અને મુરઝાઈ ગયેલા કમળ જેવા મોઢાવાળી, શિષ્ટ એવા સખીવૃન્દ વડે જોવાઈ, અને ચિન્તાનું કારણ પુછાયેલી તે અશ્રુભીની આંખે અને નિ:શ્વાસ નાખતી મંદ વચને કહે છે, “મંદભાગી હું શું કહું? મારુ જીવતર ચાલ્યું ગયું.” સખીઓએ કહ્યુ, “હે સખી, અમંગલ શાંત થાવ. બીજું તો ઠીક, તારા ગર્ભનું કુશળ છે કે નહી?હે ચતુરા! તે કહે.” “ગર્ભનું કુશળ હોતે છતે મારે શું અકુશળ છે ? ઓ સખી!'' એમ કહી મૂર્છા પામેલી પૃથ્વી પર પડી. ઠંડા પવનાદિ ઘણા ઉપચારોથી સખીઓ વડે ચૈતન્યને પ્રાપ્ત કરાવાયેલી તે ઉઠી અને ફરી વિલાપ કરે છે.

“મોટો, પાણીથી અપાર, અફાટ અને રત્નનો નિધાન એવો સમુદ્ર પ્રાપ્ત કરીને પણ કાણો ઘડો ભરાય નહીં, તેમાં સમુદ્રનો શું દોષ છે?

વસંત પ્રાપ્ત થયે છતે સકલ વનરાજી ઋદ્ધિને પ્રાપ્ત કરે છે, જ્યારે કરીરવૃક્ષ પર પાંદડુ પણ

નથી આવતું, તો તેમાં વસંતનો શું દોષ છે?

ઊંચુ સરલ વૃક્ષ બહુ ફળનાં ભારથી સર્વ અંગોથી નમી જાય છે, પણ કુબડો તેના ફળને મેળવી શકતો નથી, તો વૃક્ષનો શું દોષ છે?

અમે ઈચ્છિતને ન મેળવી શકીએ તેમાં પ્રભુ! તમારો દોષ નથી. દોષ મારા કર્મનો જ છે. દિવસે પણ ઘુવડ જોઈ ન શકે, તો તે શું સૂર્યનો દોષ છે?

હવે તો મારે મરણ જ શરણ છે, નિષ્ફળ જીંદગીથી શું કામ છે?" તે સાંભળી સખી આદિ બધો પરિવાર એકદમ શોકસાગરમાં ડુબી જઇ રોક્કળ મચાવે છે. નિષ્કારણવૈરિ એવા વિધિના નિયોગથી આ બધું શું ઉપસ્થિત થયું ? ઓ! કુલદેવીઓ તમે ક્યાં ગયા છો ? કે આજે ઉદાસીન ભાવે રહ્યા છો?

તે વખતે પ્રભાતના સમયે વિચક્ષણ કુલવૃદ્ધાઓ શાંતિ કરનારા પૌષ્ટિક મંત્રો આદિની પૂજા વગેરેને



કરાવે છે અને નિમિત્તિઆઓને પૂછે છે, નાટક આદિનો પણ નિષેધ કરાવે છે અને અતિગાઢ એવા શબ્દોવાળી વાક્યરચનાનો પણ નિષેધ કરે છે. લોકો વડે જણાવાયેલો શિષ્ટમતિવાળો રાજા પણ શોકાકુલ થઈ જાય છે અને મંત્રીઓ બધા કિંકર્તવ્યમૂઢ થઈ જાય છે.

પછી અવધિજ્ઞાનથી તે જાણી ભગવાન વિચારે છે, "શું કરીએ, કોને કહીએ? મોહની આવી જ ગતિ છે. જેમ દુષ્ ધાતુનો ગુણ કરતા દોષ થાય છે તેમ ગુણને માટે કરાયેલું અમારુ કાર્ય દોષ માટે થયું. મેં માતાને આનંદ થાય તે માટે કાર્ય કર્યું, તો તેમના ખેદ માટે થયું. આ ભાવિના કલિકાળનું સુચક છે. **પાંચમા આરે જે ગુણ કરવા માટે કરાય તે મનુષ્યોને દોષ માટે થશે.** જેમ નાળિયેરના પાણીમાં નાખેલ કપુર મૃત્યું માટે થાય છે તેમ.

પછી પ્રભુએ અંગુઠો ચલાવતા ખુશ થયેલા



ત્રિશલાદેવી આ પ્રમાણે કહે છે "નિશ્ચયથી મારો ગર્ભ કોઈનાથી હરણ કરાયો નથી કે ગળાયો નથી.પહેલા મારો ગર્ભ કંપતો ન હતો હવે કંપે છે." આ પ્રમાણે ખુશ થયેલી, સંતોષ પામતી, હર્ષથી પૂર્ણ હૃદયવાળી, ઉલ્લસિત નયનયુગલવાળી, વિકસિત ગાલવાળી, પ્રફુલ્લિત મુખકમલ છે જેનું, એવી ગર્ભનું કુશળ જાણી રોમાંચિત થઈ ગયેલી, ત્રિશલા દેવી મધુર વાણી વડે કહે છે. "પવિત્ર એવો મારો ગર્ભ હજી વિદ્યમાન છે. અતિશય મોહથી મોહિતમતિવાળી મેં અનુચિત વિચાર્યું. હજી મારા ભાગ્યો ખીલેલા છે, હું ત્રણે ભુવનને માન્ય છું, ધન્યા છું, મારું જીવન પ્રશસ્ય છે. મારા જન્મએ કૃતાર્થતાને પ્રાપ્ત કરી છે, શ્રી જિનેશ્વર ભગવંતોએ કૃપા કરી, ગોત્રદેવીઓએ પણ મહેરબાની કરી, જન્મથી આરાધેલું જિનધર્મરૂપી કલ્પવૃક્ષ આજે ફલ્યું," આ પ્રમાણે હર્ષિત ચિત્તવાળી રાણીને જોઈ વૃદ્ધાઓના મુખકમળમાંથી જય જય



નંદા એ પ્રમાણે આશિષાવલિ વહેવા લાગી. હર્ષથી કુલનારીઓ ધવલમંગલ ગીતો ગાવા લાગી, પતાકાઓ ફરકાવવા લાગી અને મોતીના સાથિયા પુરવા લાગી. તે વખતે સકલ રાજકુલ અદ્વૈત આનંદમય થઈ ગયું. વાજિંત્રોના નાદથી, ગીત અને નૃત્યો વડે દેવલોકની મહાશોભાને ધારણ કરનારું થયું. અત્યંત આનંદના સમૂહથી કલ્પવૃક્ષની માફક સિદ્ધાર્થ રાજા વધામણા આપવા આવેલા પાસે કરોડોનું ધન ગ્રહણ કરાવે છે, અને કરોડોને આપે છે."

ગર્ભસ્થ પુત્ર પ્રત્યે માતા ત્રિશલાદેવીનો આ અનહદ પ્રેમ છે. ગર્ભમાં રહેલા બાળકનો નાશ કરવાની વાત નથી. પણ માત્ર અમંગલની શંકાથી પ્રભુ મહાવીરના માતા કેટલા અસ્વસ્થ થઈ ગયાં. મૂર્છિત પણ થઈ ગયાં. કેટકેટલા વિલાપ કર્યા અને શંકા દૂર થઈ, ત્યારે કેવા આનંદમાં આવી ગયા.

**હે ભારતીય નારીઓ, શું તમારે હૃદય નથી? તમારા હૃદયમાં તમારા ઉદરસ્થ બાળક પ્રત્યે કંઈજ સ્નેહ નથી ?**

**શું તમારી કઠોરતા નિર્દયતા એટલી બધી વધી ગઈ છે કે ઉદરસ્થ તમારા જ પુત્રને તમે રહેંસી શકો છો ?**

**ગંભીર રીતે વિચારી નરકગતિમાં લઈ જનારા આ પાપથી પાછા ફરો, એજ તમારી પાસે અપેક્ષા છે.**



## ગર્ભહત્યાનું પાપ સહન નહીં થતા હજારોના ખૂન કરનાર ખૂંખાર ડાકુ સાધુ થયા

એ હતો માત્ર ભયંકર ડાકુ નહિ પણ સેંકડો ડાકુઓનો સરદાર. ડાકુગિરીમાં હોંશિયાર હતો. જન્મજાત નામ તો કાંઈ બીજું હતું, પણ ડાકુગિરીમાં સામે આવતાને પોતાના એક જ પ્રહારથી ખતમ કરતો હોવાથી દૃઢપ્રહારી નામ પ્રચલિત બન્યું. સેંકડો ડાકુઓ સાથે ઠેર ઠેર ધાડ પાડી હજારો મનુષ્યોને ખતમ કરતો, લાખો કરોડોના ધનને એકત્રિત કરતો.

દૃઢપ્રહારીની સેના એક નાનકડા ગામ પર આજે ત્રાટકી ગઈ. ગામવાળા અંધારામાં જ ઝડપાઈ ગયા, છતાં શક્ય સામનો કરવા લાગ્યા. સામ સામી આંધિમાં કેટલાય માથા રગદોળાઈ ગયા. લોહીની નદીઓ વહેલા લાગી. શ્રમિત અને



બુભુક્ષિત થયેલા ડાકુઓ એક ગરીબ બ્રાહ્મણની ઝૂંપડીમાં પેઠા. બ્રાહ્મણે સામનો કર્યો. નાયક દૃઢપ્રહારીએ પોતાના સાગરિતોની સહારે દોટ મૂકી. દરવાજા પર આવતી ગાયને તલવારના એક જ ઝાટકે બે ટુકડા કરી ભોંય ભેગી કરી. સામે થતા બ્રાહ્મણને પણ એક જ પ્રહારથી ઉડાવ્યો. રોક્કળ કરતી બ્રાહ્મણની ગર્ભવતી સ્ત્રી સામે આવી, તેના ઉદર પર તલવારનો ઘા લાગતા જ શરીરના બે ટુકડા થયા.

પણ એવો શું ચમત્કાર થયો કે હજારોના હત્યારાની આંખમાં આંસુના બુંદ ઉભરાયા ? એના હાથમાંથી તલવાર કેમ પડી ગઈ ? એ શૂન્યમનસ્ક કેમ બની ગયો ? ચમત્કાર તો એ થયો કે બાઈના ઉદરના ટુકડા થતા જ અંદર રહેલો ગર્ભસ્થ બાળક પણ કપાઈ ગયો. **હજારોનો હત્યારો આ ગર્ભસ્થ શિશુની હત્યાને જીરવી ન શક્યો. તેનું હૃદય ભરાઈ આવ્યું. કઠોર હૃદય કોમળ**



**બન્યું. એના બે નયનોમાંથી શ્રાવણ ભાદરવો વહેવા લાગ્યાં. એનું ચિત્ત ચકડોળે ચઢ્યું ! એનું અંતર એને પૂછવા લાગ્યું કે ધરતી પર હજી જેણે જન્મ પણ લીધો નથી એવા આ શિશુએ તારો શું અપરાધ કર્યો છે ? કે જેથી તેં એને જન્મતાં પહેલા જ રગદોળી નાંખ્યું ? એ કોમળ શિશુનું તેજસ્વી ભાલ, એની બંધ પડેલી અણીયારી આંખોને, લોહીમાં ખદબદતા એના કોમળ હાથ પગ જોઈને આ ક્રૂર હત્યારાનું હૃદય પલટાયું.**

તલવાર ફેંકીને એ એકલો ભાગ્યો, એનો અંતરાત્મા એને ડંખતો કહે છે કે આ નિર્દોષ શિશુની હત્યા કર્યા પછી હવે જગતમાં જીવવાનો તને અધિકાર નથી. બીજાને જીવન આપવાની તારામાં તાકાત નથી પછી જીવન લેવાનો તને શો અધિકાર છે ? એ પર્વત પર ચઢયો. ખીણમાં ઝંપાપાત કરીને શરીરના ભુક્કા ઉડાવી દેવાનો એણે સંકલ્પ કર્યો. પર્વતની ટોચ પર પહોંચી જ્યાં

ભુસકો મારવાની તૈયારી કરે છે, ત્યાં 'સબૂર' શબ્દો કાને અથડાયાં. પાછળ નજર કરતા વૃક્ષની છાયામાં બેઠેલા કોઈ સંતના એને દર્શન થયા. વિનમ્ર ભાવે એણે સંતના ચરણોમાં મસ્તક ઝુકાવ્યું. સંતે આશીર્વાદ આપ્યા. એણે પોતાની વિતક કથા રજૂ કરી. પાપી એવા જીવનનો નાશ કરવાનો સંકલ્પ જણાવ્યો. "**શરીરના નાશથી પાપનો નાશ નથી થતો. પણ પશ્ચાતાપ પૂર્વક પ્રતિપક્ષ પ્રવૃત્તિથી પાપનો નાશ થાય છે.**" એવી સંતની વાણી હૃદયમાં સ્થિર થઈ. એણે સાધુધર્મ સ્વીકાર્યો. "જે દિવસે મારી હત્યાના પાપ મને યાદ આવે તે દિવસે ભોજન પાણીનો ત્યાગ." એવો દૃઢ અભિગ્રહ કર્યો. દૃઢપ્રહારી એવો એ દૃઢઅભિગ્રહધારી બની ગયો. છ મહિના સુધી એણે આહારપાણી ત્યાગ્યા. ઘોર હત્યાના હિસાબ ચુકવાઈ ગયા. ચારે ઘાતી કર્મો ક્ષય કરી એણે કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી. હજારો આત્માઓને અહિંસાનો ઉપદેશ આપીને આયુષ્ય



પૂર્ણ કરી એક વખતના ડાકુએ પોતાના આત્માને સિદ્ધ કર્યો, બુદ્ધ કર્યો, સર્વ દુઃખોથી મુક્ત કર્યો, ભવચક્રથી છુટો કર્યો અને અનંતકાળ માટે અનંત સુખોનો ભોક્તા બનાવ્યો.

**હે ભારતીય નારીઓ ! તમારી ભૂમિના ડાકુઓ હત્યારાઓ પણ ગર્ભસ્થ શિશુની હત્યાથી દ્રવિત બની સંત બનીને સિદ્ધ બન્યા...**

**તમારે તમારા જ શિશુની હત્યા કરીને ક્યાં જવું છે ? નરકગામી થવું છે ? ભવચક્રમાં ભટકવું છે ?**

**કરોડો અબજો અસંખ્યાત અને અનંત દુઃખોના ભોક્તા બનવું છે ? ભવિષ્યનો અનંતકાળ અંધકારમય દુઃખમય બનાવવો છે ?**

**તમે જ યોગ્ય નિર્ણય કરી લેજો...**



## જયતાક સાર્થવાહ નરવીર (કુમારપાળ પૂર્વભવે)ની સગર્ભા પત્નીની હત્યાથી અપુત્ર; માલવાના રાજાની નિર્ભર્ત્સના.

**મહારાજા કુમારપાળનો પૂર્વભવ**

राजन् ! पूर्वभवे मेदपाटपरिसरे जयपुरे जयकेशि नृपस्तत्पुत्रो नरवीरः सप्तव्यसनवान् पित्रा निष्कासितो मेदपाटपरिसरे पर्वतश्रेण्यां पल्लीपतिर्जातः। अन्यदा जयताकसार्थवाहस्य मालवकादागच्छन् सार्थः सर्वोऽपि लुण्टितस्तेन। सार्थवाहस्तु पश्चाद्गत्वा मालवेशं संतोष्य तदर्पितसैन्यमानीय पल्लीमवेष्टत, तन्महद्बलं ज्ञात्वा नष्टो नरवीरः। तत्पत्नी सगर्भा हता। भूपतितो बालोऽपि, पल्ल्यां कीटमारिः कारितः, ततो मालवके गत्वा राज्ञोऽग्रे स्वरुपे निरुपिते राज्ञा हत्याद्वयं तव लग्नम्। अतोऽदृष्टव्यमुखोऽसीति निष्कासितः। स्वदेशात् स च सार्थवाहो जयताकः पदे पदे



लोकैः निन्द्यमानः पश्चात्तापपरो वैराग्यात्तापसो भूत्वा तीव्रं तपस्तप्त्वा मृत्वा च जयसिंहदेवोऽजनि स च हत्याद्वय-पापादपुत्रः। यतः "पसुपक्खिमाणुसाणं बाले जो हु विओयए पावो।

सो अणवच्चो जायइ, अह जायइ तो विवज्जिज्जा।।"

"હે રાજન્ ! તું પૂર્વભવે મેદપાટ પરિસરમાં જયપુરમાં જયકેશિ રાજાનો પુત્ર નરવીર હતો. સાત વ્યસનવાળો હતો તેથી પિતાએ કાઢી મૂક્યો. તું મેદપાટ પરિસરના પર્વતમાં પલ્લીપતિ થયો. અન્યદા માળવા દેશથી આવી રહેલ જયતાક સાર્થવાહનો આખો સાર્થ તેં લૂંટયો. સાર્થવાહે પાછા વળીને માલવદેશના રાજાને સંતોષી (ધન વગેરેથી) તેણે આપેલા સૈન્યને લાવીને પલ્લીને ઘેરી લીધી. મોટા લશ્કરને જોઈને તું (નરવીર પલ્લીપતિ) ભાગી ગયો. સગર્ભા એવી તારી પત્નીને જયતાક સાર્થવાહે મારી નાંખી. ગર્ભનો બાળક પણ ભૂમિ પર પડ્યો. માલવામાં જઈ ફરી રાજા

આગળ વિગતોનું નિવેદન કરતા રાજાએ **'આ ભયંકર બે હત્યા તે કરી, તેથી તું અદૃષ્ટવ્ય મુખવાળો છે અર્થાત્ તારૂં માઢુ જોવા જેવું નથી.' એમ કહી પોતાના દેશમાંથી કાઢી મૂક્યો.**

જયતાક નામનો તે સાર્થવાહ પગલે પગલે લોકોની નિંદાને પામતો પશ્ચાત્તાપવાળો થઈ, વૈરાગ્યથી તાપસ થયો. તીવ્ર તપ કરીને મરીને સિદ્ધરાજ જયસિંહ રાજા થયો."

**પૂર્વ ભવમાં કરેલી ગર્ભહત્યાના પાપે અપુત્રીયો થયો. કેમકે કહ્યું છે કે 'પશુ, પંખી, મનુષ્યના બાળકોનો જે પાપી આત્મા વિયોગ કરાવે છે, તે પુત્ર વગરનો થાય છે અથવા તેને પુત્ર જન્મે તો મૃત્યુ પામે છે.'** (કુમારપાળ પ્રબંધ પૃ.૧૦૮)

**ગર્ભની હત્યા કરનાર સાર્થવાહ જો અદૃષ્ટવ્ય મુખવાળો હોય, તો પોતાના ઉદરસ્થ પુત્રની હત્યા કરનાર સ્ત્રીઓ કેવી ? શાસ્ત્રકારો કહે છે આવી સ્ત્રીઓનું મોઢું જોવું, એ પણ મહાપાપ છે. અપમંગલ છે.**



## જયતાક (કુમારપાળ પૂર્વભવમાં) પલ્લીપતિની સગર્ભા પત્નીને પુત્ર સાથે મારનાર ધનદત્ત સાર્થવાહને માલવદેશના રાજાએ દેશનિકાલ કર્યો

कुकृतमिव तत्कृत्यं, श्रुत्वा तत् कुपितः स राट्।
विकटभृकुटीकोटिस्पृष्टभालस्तमालपत्।।
त्वं वणिजोऽपि जात्या रे कर्मणाऽसि जनंगमः।
निर्घृणो यत् स्वहस्तेन, स्त्रियं बालं च जघ्निवान्।।

अथैतत् कर्म निर्माति चांडालो पि न कर्हिचित्।
यत् त्वया निर्मितं रे रे, लोकद्वयविरोधकम्।।
अदृष्टव्यमुखस्तस्माद् दूरीभव मदग्रतः।
पाप त्वद्दर्शनेनाऽपि लिप्येऽ हं पातकैर्हहा।।

इत्थं निर्भर्त्स्यं सर्वस्वं तस्याछिद्य च भूपतिः।
तं निर्वासितवांस्तीव्रं पापं हि द्राक् फलेग्रहि।।



(જયસિંહ કૃત કુમારપાળ ચરિત્ર સર્ગ ૧૦, શ્લોક ૩૧ થી ૩૫.)

દુષ્કૃત જેવા તેના કાર્યને (પલ્લીપતિ જયતાકની સગર્ભા પત્નીના ઘાતના કાર્યને) સાંભળીને પોતાની વિકટ ભૃકુટિને જાણે કપાળ સુધી ચઢાવીને ગુસ્સે થયેલા રાજાએ આ પ્રમાણે કહ્યું,

**"તું જાતિથી વણિક હોવા છતાં કર્મથી ચંડાળ છે, કેમકે નિર્દય એવા તેં સ્ત્રી અને ગર્ભસ્થ બાળકને હણી નાખ્યા, જે ઉભયલોકવિરુદ્ધ કાર્ય તે કર્યું. આવા કાર્યો ચંડાળ પણ ન કરે.**

**તારું મુખ પણ જોવાલાયક નથી, તેથી તું મારાથી દૂર થા. હે પાપી, ખરેખર તારા દર્શનથી પણ હું પાપથી લેપાઈ જઈશ."**

આ પ્રમાણે નિર્ભર્ત્સના કરીને તેનું સર્વસ્વ (ધન વગેરે) જપ્ત કરીને તેને દેશનિકાલ કર્યો.



તીવ્ર કોટિનું પાપ તાત્કાલિક ફળ આપે છે.

તા.ક. જુદા જુદા ચરિત્રોમાં નામમાં થોડા ફેરફાર આવે છે. આગળના ચરિત્રમાં કુમારપાળનુ પૂર્વભવમાં નરવીર અને હત્યારા સાર્થવાહનું જયતાક નામ છે. અહીં કુમારપાળનું જયતાક અને હત્યારા સાર્થવાહનું ધનદત્ત નામ છે.

## ગર્ભહત્યા અંગે બાદશાહ અકબરનો પશ્ચાત્તાપ

ચિત્તોડગઢમાં હજારો લોકોની હત્યા કરાવનાર જુલમી એવા અકબર બાદશાહ પણ ગર્ભવતી સ્ત્રી અને ગર્ભસ્થ બાળકની હત્યા જોઈ દ્રવી ઉઠ્યો.

वीरैस्तत्र वृतोऽप्यकब्बरनृपोऽध्यारुढ उच्चैरिव।
व्योम्न्यर्कः प्रबलप्रतापकलितः कोपोद्धुरस्तन्नृषु।
आदेशः स वधस्य मुद्गलततेः शीघ्रं ददौ यन्नरः।
कौपात् किं न करोति वक्ति च हृदन्धीकारकत्वस्पृशः ?
भूपाकब्बरवाक्यमाप्य सुभटा दुष्टास्तथा चक्रिरे
तत्राऽभूद्भुवि शोणितोदकनदीपूरं यथा सर्वतः।
तत्र स्थातुमशक्त एष नृपतिर्नीचैस्ततोऽप्युत्तरन्।
मार्गस्थां च विदारितोदरतलां निष्पातिताऽङ्गोद्भवाम्।।
दृष्ट्वा सुन्दरसुन्दरीं नरपतिः कारुण्यपूर्णस्तदा
हा हा किं मयकाऽत्र कारितमिदं चण्डालकर्माधिकम्।



पश्चानुशयं शिरः करयुगेणास्फालयन्नित्यवक्।
यः पापं किल चित्रकूटरचनं गृह्णाति तस्याप्यहम्।।
एनं देशपुरान्वितं गिरिवरं स्वर्णादिकं चार्पयामि।।

- जगद्गुरुकाव्यम्

જેમ પ્રબળ પ્રતાપથી યુક્ત સૂર્ય આકાશમાં ઉંચે આરુઢ થાય, તેમ પ્રબળ પ્રતાપથી યુક્ત અને વીરોથી પરિવરાયેલા અકબર રાજા, તે ચિત્રકૂટ પર્વત પર આરુઢ થયા. ગુસ્સે થયેલા અકબર રાજાએ, મોગલસેનાને ચિત્રકૂટના લોકોના વધ માટેનો તરત આદેશ આપ્યો. કેમકે ક્રોધથી માણસ શું નથી કરતો ? અને હૃદયમાં જેને અજ્ઞાન રૂપ અંધકારનો સ્પર્શ થયો છે, એવો માણસ ગુસ્સાથી શું નથી કરતો ? અને શું નથી બોલતો ?

અકબર રાજાના વાક્યને સાંભળીને દુષ્ટ સુભટોએ તેવુ કર્યું, કે જેથી પૃથ્વી પર બધી બાજુ લોહીની નદીનું પુર ફેલાઈ ગયું. અકબર



રાજા ત્યાં ઉભો ન રહી શક્યો એટલે નીચે ઉતરવા લાગ્યો. નીચે ઉતરતા તેણે માર્ગમાં રહેલી, જેનું પેટ ફાટી ગયું છે તેવી, જેનો ગર્ભ કપાઈ ગયો છે એવી, એક સુંદર સ્ત્રીને જોઈ. તેણીને જોઈને કરુણાથી ભરાયેલા અકબર રાજાએ ચિંતવ્યુ. 'અરે મેં અહીં આ શું ચંડાળ કરતા પણ અધિક કાર્ય કરાવ્યું.' એમ પશ્ચાત્તાપ કરતા, હાથથી માથુ કુટતા આ પ્રમાણે બોલ્યા, 'ચિત્રકૂટને જીતવાનું પાપ જે કોઈ લઈ લેશે તેને હું દેશ અને નગરથી યુક્ત એવો આ પર્વત અને સોનુ વગેરે આપીશ.'

**ચિત્તોડની હજારો અને લાખો લોકોની હુકમ કરીને કતલ કરાવનાર જુલમી, ઘાતકી એવો અકબર બાદશાહ પણ ગર્ભ હત્યા જોતા દ્રવી ઉઠ્યો. પોતાના પાપનો ઘોર પશ્ચાત્તાપ કરવા માથું કુટ્યું, ભયંકર વિલાપ કર્યો. અને પોતાના આ પાપથી છુટવા સમસ્ત ચિત્તોડગઢ આપી દેવા તૈયાર થયો.**



**ઓ ભારતીય નારીઓ ! હજારોની હત્યા કરાવનાર મોગલ બાદશાહના જુલમીપણા કરતા તમારે જુલમીપણાનું વધુ ઉંચુ શિખર સર કરવું છે ? જેથી તમે તમારા જ ગર્ભસ્થ બાળકને ખતમ કરવા તૈયાર થયા છો. યાદ રાખજો, હજારો લાખો વાર એક જ ભવમાં જીવતા કપાવા ને બળી જવા વગેરેની ઘોર પીડાઓ નરકમાં ભોગવવા છતાં તમારો છુટકારો નહીં થાય. તમે તમારી જ અનેક હત્યાઓ નિર્णીત કરી રહ્યા છો.**

**અને એક ગર્ભહત્યા કરાવનાર જો નરકમાં જાય તો અનેક ગર્ભ હત્યા કરનાર ડોકટરની તો શું દશા થશે એ કલ્પી પણ ન શકાય તેમ છે.**

## ગર્ભપાતના વિચાર માત્રથી સૂર્યશ્રી છઠ્ઠી નરકે

अह भणइ गोयमो सा सोज्जसिरी सामि किह णु संपत्ता ?
तो भयवं वागरई तमाइ पुढवीइ संपत्ता।।
केण वि कम्मुदएणं तत्थ गया सा वराइया नाह।
अज्झवसायवसेणं अइरुद्देणं जिणो कहइ।।
आसन्नपसवकाले गोयम ! एवं विचिन्तयं तीए। पच्चूसे
पाडिस्सं गब्भमिणं विविहखारेहिं। इय अट्टदुहट्टमणा
गब्भस्सुवरिंमि सा य झायंति।
पुत्तं पसवित्तु मया गया इमा छट्टपुढवीए।

- **મહાનિશીથ સૂત્ર**

હે સ્વામી ! હવે, ગૌતમ ભગવાન કહે છે, તે સૂર્યશ્રી ક્યાં ગઈ ?

ત્યારે ભગવંત જવાબ આપે છે, કે તમાપૃથ્વી (છઠ્ઠી નરક)માં ગઈ.



હે નાથ ! ક્યા કર્મના ઉદયથી તે બિચારી ત્યાં ગઈ ?

ભગવાન કહે છે આર્તરોદ્ર અધ્યવસાયને કારણે.

પ્રસૂતિના નજીક કાળે તેણીએ એવું વિચાર્યું કે પ્રભાતે વિવિધ ક્ષારોથી હું આ ગર્ભને પાડી દઈશ.

આર્તદુઃખાર્ત મનવાળી ગર્ભ વિષે આ પ્રમાણે વિચારતી, પુત્રને જન્મ આપીને, મૃત્યુ પામીને, છઠ્ઠી નરકે ગઈ.

**ગર્ભપાતના વિચારમાત્રથી સૂર્યશ્રી છઠ્ઠી નરકે ગઈ... તો વર્તમાનકાળમાં ગર્ભપાતના પાપો કરનારી, હે આર્યદેશની માતાઓ, તમારી કઈ ગતિ થશે ? તે વિચારીને આ ભયંકર પાપથી હંમેશ માટે પાછા વળો. એ તમારા હિત માટે છે.**



## નરકાયુષ્ય બંધના કારણો

**ગર્ભહત્યા : ગર્ભમાં રહેલા બાળકની હત્યાથી નરક ગતિમાં જવું પડે છે. ગર્ભહત્યાના વિચાર માત્રથી સૂર્યશ્રી મરીને છઠ્ઠી નરકમાં ગઈ છે.** તેમ બીજા પણ કેટલાક નીચે મુજબના પાપોથી જીવ નરકગતિનું આયુષ્ય બાંધે છે.

**મહારંભ** : જેમાં ભયંકર હિંસા થતી હોય તેવી પ્રવૃત્તિઓ; આજના ઉદ્યોગો, કારખાનાઓ.. મોટા મોટા પ્રોજેક્ટો, મોટા મોટા મકાનના બાંધકામો વગેરે આમાં આવી જાય છે. આ બધી જ પ્રવૃત્તિઓમાં શેરો મહત્ત્વનો ભાગ ભજવતા હોઈ, શેરબજારની પ્રવૃત્તિ પણ પરંપરાએ કારણરૂપ બની જાય છે.

**મહાપરિગ્રહ** : સંપત્તિની, પૈસાની તીવ્ર મૂર્છા એ પણ નરકગતિનું કારણ છે. મમ્મણ શેઠ આનું ઉદાહરણ છે. પોતે માત્ર પોતડી પહેરીને શિયાળાની



કડકડતી ઠંડીમાં, પાણીમાં ખેંચાઈને આવતા લાકડા પણ રાત્રે ભેગા કરતો. કરોડો-અબજોની કિંમતના રત્નોનો માલિક હોવા છતાં માત્ર તેલ અને ચોળા પર જીવન ગુજારનારો મરીને ૭મી નરકમાં ગયો.

**પંચેન્દ્રિય જીવોની હિંસા** : પંચેન્દ્રિય એટલે પાંચ ઇન્દ્રિયોવાળા જીવો - તે ચાર પ્રકારના હોય છે. દેવ-નારકી-તિર્યંચ અને મનુષ્યો. આમાંથી દેવ-નારકીની હત્યા થઈ શકતી નથી. પંચેન્દ્રિય તિર્યંચો ગાય-બળદ-ઘેટા-બકરા તથા વાઘ-સિંહ-મત્સ્ય વગેરે તથા પક્ષીઓ વગેરેની હત્યાથી જીવો નરકમાં જાય છે. શ્રેણિક મહારાજાએ શિકાર કરતા ગર્ભવતી હરણીની હિંસા કરી, તેની પ્રશંસા કરી.. નરકાયુષ્ય બાંધી ૧લી નરકમાં ગયા. પ્રભુ મહાવીરના સંસર્ગથી પછીથી ધર્મ પામીને, તીર્થંકર થવાનું નિર્માણ થયું. પણ આ હરણીના શિકારથી બંધાયેલા નરકાયુષ્યમાં કંઈ પરાવર્તન ન થયું. આજના કતલખાનાઓ ચલાવનારા, તેને પોષનારા, માછલા પકડનારા,

વેચનારા માછીમારો વગેરે લગભગ નરકમાં જાય છે. મનુષ્યોની હત્યા કરનારા કરાવનારાઓ પણ નરકગતિમાં જાય છે.

**માંસાહાર** : પંચેન્દ્રિય જીવોના (પશુ-પંખીનાં) માંસનું ભોજન કરનારા, માછલા વગેરે ખાનારા, કુકડાનું ચિકન વગેરે માંસ ખાનારા, પણ મોટા ભાગે મૃત્યુ પામીને નરકમાં જાય છે.

આ ઉપરાંત પણ ગાઢ મિથ્યાત્વ, દ્રઢવૈરીપણું વગેરે નરકમાં જવાના કારણો છે. ક્ષણિક સુખ ખાતર આવા પાપો કરનારા જીવો પણ અજ્ઞાનતાના કારણે નરકાદિમાં ઘોર દુઃખો વેઠે છે.



## નારકીના દુઃખોનું વર્ણન

“अणाइ जीवे, अणाइ जीवस्स भवे, अणाइ कम्मसंजोग-णिव्वतिए, दुक्खरुवे, दुक्खफले, दुक्खाणुबंधे”

**- પંચસૂત્ર**

જીવ અનાદિ છે. જીવનો સંસાર અનાદિ છે. સંસારમાં કારણભૂત કર્મનો સંયોગ અનાદિ છે. સંસાર દુઃખસ્વરુપ છે. દુઃખના ફળવાળો છે. દુઃખની પરંપરાવાળો છે.

પંચસૂત્રમાં જણાવ્યા મુજબ જીવ અનાદિકાળથી છે. તર્કથી પણ સમજાય તેમ છે, કેમ કે જીવની ઉત્પત્તિ હોઈ ન શકે, તેમ વિનાશ પણ હોઈ ન શકે.

અનાદિકાળથી સંસારી જીવો સંસારમાં રખડતા હોય છે. સંસારમાં દરેક ભવમાં જન્મ-મૃત્યુ હોય છે. તેથી જન્મ-મરણ વિવિધ ભવોમાં કરતા હોય છે. એક ભવમાંથી બીજા ભવમાં સંસરવું તે સંસાર.



સૌથી પૂર્વે જીવ સૂક્ષ્મ નિગોદમાં હોય છે. એક શરીરમાં અનંતા જીવો ભેગો રહેતો વિપુલ વેદના ભોગવે છે. અંતર્મૂહુર્તમાં આયુષ્ય પૂર્ણ કરે છે. ઓછામાં ઓછું આયુષ્ય ૧ સેકન્ડના બાવીસમા ભાગથી ઓછું, વધુમાં વધુ અંતર્મુહૂર્ત (૪૮ મિનીટ)ની અંદર.

અહીં અનંતો કાળ આ રીતે પસાર કર્યા પછી જીવની નિયતિ (ભવિતવ્યતા) જાગે ત્યારે આમાંથી બહાર નીકળે છે. નિયમ એવો છે કે, એક જીવ સિદ્ધ થાય, ત્યારે આ અવ્યવહાર રાશિની સૂક્ષ્મ નિગોદમાંથી, એક જીવ વ્યવહાર રાશિમાં આવે છે. જેઓની ભવિતવ્યતા જાગે છે, તેઓ અવ્યવહાર રાશિમાંથી બહાર વ્યવહાર રાશિમાં આવે છે. વ્યવહાર રાશિમાં આવ્યા પછી પણ જીવ બાદર નિગોદ-પૃથ્વીકાય-અપ્કાય-તેઉકાય-વાયુકાય, પ્રત્યેક વનસ્પતિકાયમાં અસંખ્ય કાળચક્રો સુધી ભટકી પુનઃ બેઈન્દ્રિય-તેઈન્દ્રિય-



ચઉરિન્દ્રિય અસંજ્ઞી પંચેન્દ્રિયાદિમાં લાખો-કરોડો વર્ષો સુધી જન્મ મરણ કરે છે. ભયંકર દુઃખો વેઠતા ક્યારેક પંચેન્દ્રિયપણું પામે છે. પંચેન્દ્રિયમાં ચાર પ્રકાર છે. આમાં નારક-દેવ-મનુષ્ય-તિર્યંચ આદિના ભવોમાં જન્મ-મરણ કરે છે. વચ્ચે વચ્ચે પાછા પાપો કરી, કર્મો બાંધી એકેન્દ્રિય એટલે પૃથ્વીકાય વિગેરેના તથા ક્યારેક પાછા બાદર નિગોદ કે સૂક્ષ્મ નિગોદમાં પણ જાય છે. અનંતાનંત કાળથી જીવ આ રીતે ચારે ગતિમાં ભટકીને ઘોરાતિઘોર દુઃખો વેઠતો આવે છે. આ બધાનું વર્ણન થઈ શકે તેમ નથી. અહિ માત્ર મહારંભાદિ જીવહિંસા અને ગર્ભહત્યાના પાપથી જીવ જે નરકમાં જાય છે, ત્યાં કેવા દુઃખો ભોગવે છે તેનું વર્ણન કરાય છે.

આ પૃથ્વીની નીચે સાત નરક છે. પહેલી નરક પૃથ્વીનું નામ રત્નપ્રભા છે. આનું પડ ૧,૮૦,૦૦૦ યોજન છે. તેમાં ઉપર-નીચે ૧,૦૦૦-

૧,૦૦૦ યોજન છોડી વચ્ચે ૧,૭૮,૦૦૦ યોજનની જાડાઈમાં, લંબાઈ-પહોળાઈ એક રાજ એટલે અસંખ્ય યોજનના વિસ્તારમાં, પ્રથમ નારકીના નરકાવાસો એટલે નારકને રહેવાના સ્થાનો છે. કેટલાક સંખ્યાત યોજનના છે. કેટલાક અસંખ્ય યોજનના છે. ઓછામાં ઓછું માપવાળો ૧ લાખ યોજનનો ૭મી નરકનો વચ્ચેનો નરકાવાસ છે. તેથી ઓછા માપવાળો નરકાવાસ નથી. પ્રથમ નારકી પૂર્ણ થયે, નીચે અસંખ્ય યોજન પછી ૨જી નારકી, આમ ક્રમશઃ અસંખ્ય યોજનના આંતરે નારકો છે. (અહીં યોજનનું માપ પ્રમાણાંગુલથી હોઇ આપણા યોજનથી ૪૦૦ ગણો મોટો યોજન હોય છે.)

આ નરકાવાસોમાં સૂર્ય-ચંદ્ર-ગ્રહ-નક્ષત્ર કે તારા નથી, તેથી ભંયકર અંધકારમય છે. તેથી જમીન પણ અનેક પ્રકારના ભયંકર દુર્ગંધવાળા અશુચિ પદાર્થોથી ભરેલી છે, લોહી, પરુ, વિષ્ટાદિ



પદાર્થોથી રસ્તો વ્યાપેલો છે. વળી, પત્થરો વગેરે શાસ્ત્રો પણ ઠેર ઠેર પડેલા હોય છે. વળી જમીન અત્યંત ગરમ તથા શસ્ત્રોના જેવી કર્કશ હોય છે.

આ નરકાવાસની દિવાલોમાં (ગોખલા જેવા) નિષ્કુટો હોય છે. તે બહારથી સાંકડા, અંદરથી પહોળા હોય છે. આ નિષ્કુટો પણ ભયંકર દુર્ગંધમય-જેની કલ્પના પણ ન કરી શકાય તેવા અશુચિ પદાર્થોથી ભરેલા હોય છે. અત્રેના અશુચિ દુર્ગંધમય પદાર્થોથી અનંતગુણા દુર્ગંધમય અશુચિ પદાર્થો આમાં છે.

મહારંભ (હિંસા), મહા પરિગ્રહ, પંચેન્દ્રિય જીવોની હિંસા, માંસાહાર કરનારા માછીમારો, કસાઇઓ તથા બીજા પણ મોટા હિંસક પ્રોજેક્ટો વગેરે કરનારા જીવો, **ગર્ભહત્યા કરનારા ડોક્ટરો, કરાવનારી સ્ત્રીઓ તથા તેમાં સહાયક થનાર અન્ય જીવો પણ નરકનું આયુષ્ય બાંધી અત્રેથી મરીને આ**



**નરકના નિષ્કુટોમાં ઉત્પન્ન થાય છે.** વાઘ, વરુ, સર્પ, ચિત્તા, બિલાડી વગેરે હિંસક પશુઓ કે ઘુવડાદિ હિંસક પક્ષીઓ પણ નરકાયુષ્ય બાંધી નરકમાં ઉત્પન્ન થાય છે. આપણે ગર્ભમાં ઉત્પન્ન થઈએ તેમ અહીંથી મરીને સૌ પ્રથમ નરકમાં ઉત્પન્ન થનાર જીવો આ નિષ્કુટોમાં ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થયા પછી અહીં રહેલ અશુચિ પદાર્થોનો જ ખોરાક ગ્રહણ કરે છે અને તેનાથી શરીર બનાવે છે. થોડા જ ટાઈમમાં શરીર વિસ્તૃત-મોટું થાય છે. નિષ્કુટોમાં સમાતું નથી, અને મોઢુ સાંકડું હોવાથી બહાર નીકળી શકાતું નથી. નિષ્કુટોની દિવાલો વ્રજ જેવી મજબૂત હોઈ, તે તોડીને બહાર નીકળી શકાતું નથી. તેથી વજની દિવાલો દ્વારા શરીર દબાય છે.અહીં આપણે ધરતીકંપ વગેરેમાં, મકાન પડતા ખૂબ ભાર નીચે દબાઈ જઈએ છીએ, અને જે વેદના ભોગવીએ છીએ, તેના કરતા અનંતગણી વેદના આ નિષ્કુટોમાં ઉત્પન્ન થયેલા નરકના જીવો



ભોગવે છે. ખૂબ મહેનત કરીને સાંકડા મુખમાંથી થોડા હાથ કે પગ બહાર કાઢે છે. વેદનાથી ચીસો પાડે છે. નરકમાં અસુરનિકાયનાં દેવો-જેને પરમાધામી દેવો કહેવાય છે, તે આમ તેમ ફરતાં હોય છે. તેમને નરકનાં જીવોને વેદના આપવામાં મજા આવે છે, તેથી તેઓ દોડીને આવે છે અને નારકીના બહાર નીકળેલા હાથ-પગ વગેરેને ખેંચાય તેટલા ખેંચીને છેવટે તલવારથી કાપીને ભૂમિ ઉપર ફેંકે છે. વળી, બાકીના અંદર રહેલા શરીરમાં ભાલો ભોંકીને શરીરના ટુકડા કરે છે અને એક એક ટુકડાને બહાર કાઢીને ચારે દિશામાં દૂર દૂર ફેંકે છે. આમ ગર્ભાવાસ જેવા નિષ્કુટમાંથી નારકીના જીવને શરીરના ટુકડા કરીને બહાર કઢાય છે. આખા શરીરે નારકીનો જીવ બહાર નીકળી શકતો નથી. એટલું ધ્યાનમાં રાખવાનું છે કે નારકીમાં જીવનું આયુષ્ય નિરુપક્રમ હોવાથી ગમે તેટલા શરીરના ટુકડા થાય, ગમે તેટલી

પીડાઓ થાય, જીવતાં બાળે કે શેકી નાખે તો પણ તેમનું મૃત્યુ થતું નથી. ચારે બાજુ દૂર દૂર ફેંકાયેલા શરીરના ટુકડાઓમાં પણ નારકીના જીવના પ્રદેશો છે. તેથી ધીમે ધીમે નિકટ આવી, બધા ટુકડા ભેગા થઈ, એક કદરૂપુ, કાળું, ભયંકર, હાથ-પગ-માથુ-મોઢું વગેરે લક્ષણ વિનાના સર્વે અંગોવાળું, જોઈ પણ ન શકાય તેવું શરીર બને છે.

હવે આ નારકીના જીવો તેમના આયુષ્યના છેડા સુધી કેવી પીડા ભોગવે છે તે જોઈએ.

નારકીમાં ત્રણ પ્રકારની પીડા હોય છે.

**(૧) ક્ષેત્ર પીડા**

**(૨) પરસ્પરની પીડા**

**(૩) પરમાધામીકૃત પીડા**

સતત દુઃખમાં રહેતા નારકીના જીવને એક ક્ષણ માત્ર દુઃખનું આંતરુ પડતું નથી.

**ક્ષેત્ર પીડા** : નારકીનું ક્ષેત્ર અંધારુ, ભયંકર દુર્ગંધાદિથી ભરેલું હોય છે. ત્યાં પાંચે પ્રકારના



શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શના વિષયો અત્યંત અશુભ હોય છે, જેનું વર્ણન થઈ શકે તેમ નથી.

**ભૂખ** : નારકીના જીવને ભૂખ અત્યંત હોય છે. જગતનું સર્વ અનાજ નારકીનો એક જીવ ખાઈ જાય તો પણ તેને તૃપ્તિ ન થાય એવી ભયંકર ભૂખ તેને હોય છે. આમ છતાં તેને ભોજન મળતું નથી. ક્યારેક મળે છે તો તે પણ અત્યંત નિકૃષ્ટ પ્રકારનું હોય છે. એટલું જ નહિ, તે ખોરાક લીધા પછી તૃપ્તિ થવાને બદલે અતૃપ્તિ વધે છે અને થોડા જ સમયમાં ખોરાક વિપરીત રીતે પરિણમી પરૂ વગેરે રૂપે બહાર આવે છે.

**તરસ** : જગતના બધા નદી-સમુદ્રો પી જાય તો પણ તૃપ્તિ ન થાય એવી ભયંકર તાલુ, જીભ, કંઠાદિને શોષી નાખનારી તરસ નારકીના જીવને હોય છે. પણ પાણીનું ટીપું પણ મળી શકતું નથી. તૃષાની ઘોર પીડા તેને સહન કરવી પડે છે. વળી, ક્યારેક પાણી મળે તે પણ તેના પીવાથી તેની



તૃષા ઘટવાને બદલે વધે છે.

**ગરમી** : ૧લી ત્રણ નરકમાં ગરમીની સખત પીડા હોય છે. અહીંની મરુભૂમિની ઉનાળાની ભયંકર ગરમી કરતાં અનંતગણી ગરમી નારકીમાં હોય છે. કહે છે કે અહીં વૈશાખ-જેઠના ભયંકર તાપમાં મોટો ભઠ્ઠો સળગાવી, તેના પર લોખંડની મોટી તવી મૂકવામાં આવે અને તેના પર નારકીના જીવને સુવાડવામાં આવે તો તે તરત જ સૂઈ જાય છે, કેમકે આટલી પ્રચંડ ગરમી ત્યાંની ગરમીના અનુભવ પછી એને કંઈ જ લાગતી નથી.

**ઠંડી** : આ જ રીતે જે નારકોમાં ઠંડી છે. તે પણ તેટલી જ ભયંકર છે. કહે છે કે પોષ-મહા મહિનાની કડકડતી ઠંડીમાં હિમાલય ઉપર રહેલા બરફમાં નારકીના જીવને સુવાડવામાં આવે તો તે તરત જ સૂઈ જાય છે. કેમકે ત્યાંની ઠંડીની અપેક્ષાએ તેને આ ઠંડી સહેજ પણ લાગતી નથી.

**ખણજ** : છરીથી છોલવામાં આવે તો પણ



શાંત ન થાય તેવી ખણજ, નારકીના શરીરમાં સતત ચાલુ હોય છે.

અન્ન-જળાદિ માટે સતત પરાધીનતા હોય છે. વળી, તેમનું આખું શરીર ભયંકર જ્વરથી સતત તપતું હોય છે. શરીરમાં ભયંકર દાહ પણ સતત હોય છે. તેમજ શોકથી વિહ્વળતા પણ સતત ચાલુ હોય છે. બીજા નારકોનો તેમજ પરમાધામી દેવોનો પણ ભય તેમને સતત સતાવી રહ્યો હોય છે. ત્યાંની પૃથ્વીનો સ્પર્શ પણ અત્યંત દુઃખદાયી હોય છે. નરકના આવાસો શ્લેષ્મ, વિષ્ઠા, મૂત્ર, કફ આદિ કરતા પણ વધુ અનિષ્ટ અમનોજ્ઞ પદાર્થોથી લેપાયેલા હોય છે. જમીન પણ આવા પદાર્થોથી લિપ્ત હોય છે. વળી, માંસના ટુકડા, કેશ, નખ, દાંત અને ચામડી ચારે બાજુ પથરાયેલા હોય છે. વળી, અત્યંત સડી ગયેલા કૂતરા, સાપ, બિલાડી, ગાય-ભેંસ વગેરેના કલેવરોના ગંધથી પણ અનંતગણી દુર્ગંધ સતત ફેલાયેલી હોય છે.

(થોડા કિચડ અને કચરાના ઢગલાદિ કે અશુચિ પદાર્થો પાસેથી પસર થતાં નાકનું ટેરવું ચઢી જાય છે જેનું, તેવા હે માનવ ! તું નરકમાં આ દુર્ગંધો કેવી રીતે સહન કરીશ તે વિચારી લેજે.)

ત્યાંના આહાર વગેરેમાં પણ રસ, લીંબડાની ગળો આદિ કરતા અનેકગણો કડવો હોય છે વળી, આહાર લીધા પછી અત્યંત વિકૃત રૂપે પરિણમે છે. અત્યંત કફ કે પરૂ રૂપે પરિણમે છે. જમીન કે બીજા પણ પદાર્થોના સ્પર્શ વીંછી કે અગ્નિના સ્પર્શથી અત્યંત ભયંકર પ્રકારના હોય છે. વળી, સતત પીડાથી આક્રાંત તેમના વિલાપાદિના શબ્દો પણ અત્યંત ભયંકર હોય છે.

**પરસ્પર વેદના** : નારકીમાં રહેલા જીવો અત્યંત દુ:ખ ભોગવતાં છતાં તેમના રાગ-દ્વેષ, વેર-ઝેર, ક્રોધાદિ કષાયો ઓછા થતા નથી. આ જીવ નરકના દુ:ખો વેઠવા તૈયાર છે, પણ તેના કારણભૂત રાગ-દ્વેષ, કષાયો છોડવા તૈયાર નથી.



પૂર્વભવના વૈરવાળા નારકીના જીવો ભેગા થતા પરસ્પર એકબીજા પર પ્રહાર કરે છે. શસ્ત્રો તેમને શોધવા જવા પડતા નથી. જમીનમાં જ મોટા મોટા પત્થરો અને જીવલેણ શસ્ત્રો પડેલા હોય છે. તે ગ્રહણ કરીને પરસ્પર પ્રહારો કરતા તેઓ ભયંકર રીતે ઘાયલ થઈ ઘોર પીડાઓ ભોગવે છે. વળી, વૈક્રિયરૂપ વિકુર્વીને પણ કે વૈક્રિય લબ્ધિથી શસ્ત્રો વિકુર્વીને પણ પરસ્પર એક બીજા પર પ્રહાર કરે છે. આ રીતે પણ અંગ કપાતા-કતલખાનાના પશુની જેમ ભૂમિ પર કપાયેલા અંગવાળા તેઓ આળોટે છે.

નરકમાં સમ્યગ્દૃષ્ટિ જીવો તત્ત્વની વિચારણા દ્વારા સ્વકૃત કર્મનો ઉદય જાણી બીજા દ્વારા અપાતા દુ:ખોને સ્વયં સહન કરે છે, પણ પોતે બીજા જીવો પર પ્રહાર કરતા નથી.

તેથી સમ્યગ્દૃષ્ટિ નારકના જીવો મિથ્યાદૃષ્ટિ જીવો કરતા અલ્પ પીડાવાળા અને અલ્પ કર્મોવાળા



હોય છે. બીજા મિથ્યાદૃષ્ટિ જીવો ક્રોધથી પરસ્પર દુ:ખની ઉદીરણાઓ કરતા ઘણા કર્મો બાંધે છે અને વેદના પણ પ્રચૂર ભોગવે છે.

**પરમાધામીકૃત વેદના** : ૧લી ત્રણ નરકમાં પરમાધામી દેવો હોય છે. આ દેવો આમ તો પૂર્વભવના અજ્ઞાન કે સશલ્ય તપથી ભવનપતિના અસુરનિકાયમાં ઉત્પન્ન થયેલા હોય છે. પરંતુ પોતાની કુતુહલવૃત્તિથી નારકીમાં આવીને નરકના જીવોને પીડા આપે છે. આ દેવો એવી આસુરિક વૃત્તિવાળા હોય છે કે બીજાને વગર કારણે પીડા આપવામાં, દુ:ખ ઉપજાવવામાં અને દુ:ખના કારણે કલ્પાંત કરતા, ભય પામતા, નાશ-ભાગ કરતા જીવોને જોઈને તેમને આનંદ થાય છે. આ પોતાની આસુરિક વૃત્તિને સંતોષવા તેઓ નરકમાં જઈને નરકના જીવોને વિવિધ પીડાઓ કેવી રીતે આપે છે, તેના માત્ર અંશો જ વિચારાય છે.



પૂર્વે નિષ્કૂટમાંથી નરકના જીવના શરીરના ટુકડાઓ કરીને બહાર ફેંકવાની તેમની પ્રવૃત્તિ જોઈ. પછી દૂર દૂર ફેંકાયેલા શરીરના અંગો ભેગા થઈ, એક કદરૂપા શરીરનું નિર્માણ થાય છે તે જોયું.

તે અત્યંત કદરૂપા, ભીષણ, ભયાનક શરીરવાળા નારકીના જીવો ચારે બાજુ ભટકે છે. પરમાધામીઓ તેને પકડે છે. ભાલા ઘોંચે છે. શરીરના ટુકડાઓ કરી વારંવાર ફેંકે છે. ક્યારેક આખા ને આખા નારકને અગ્નિના સળગતા ભઠ્ઠામાં ફેંકે છે અને અંદર પ્રજ્વલિત થતા તેઓની કરુણ ચીસો સાંભળીને આનંદ પામે છે. પરમાધામીથી ભયભીત થયેલા નારકો ચોતરફ દોડે છે તો તેને દૂરથી બાણોથી વીંધે છે. નજીક જઈ તલવારથી માથું ને ધડ જુદુ કરે છે. ક્યારેક હાથ-પગ વગેરે કાપી નાખે છે. ક્યારેક પકડીને શેરડીની જેમ યંત્રમાં પીલી નાખે છે. ક્યારેક

ઉકળતા પાણીમાં નાખીને બાફી નાખે છે. ક્યારેક મકાઈની જેમ અગ્નિમાં જીવતા શેકી નાંખે છે. લોખંડની તપેલી પૂતળીઓ જોડે આલિંગન કરાવીને બાળે છે. ગરમીથી તૃષાતુર થયેલા નારકી જ્યારે પાણીની માંગણી કરે છે, ત્યારે તેને પકડીને પૂર્વભવના શરાબ-પાનને યાદ કરાવીને મોંમાં ઉકળતા સીસાનો રસ નાંખે છે. પૂર્વભવના પરસ્ત્રીના આલિંગનના પાપોને યાદ કરાવીને, તપાવેલા લોખંડની પૂતળીઓ સાથે આલિંગન કરાવે છે. પૂર્વભવના માંસાહારને યાદ કરાવીને તેને પોતાના શરીરમાંથી જ માંસના ટુકડા કાપી તેને ખવડાવે છે. અત્યંત દીનતાથી નારકીનો જીવ પરમાધામીને પ્રાર્થના કરે છે કે, "મારો શો અપરાધ છે ? શા માટે મને મારો છો ? પીડો છો ?"

આ પ્રમાણે નારક જ્યારે પરમાધામી દેવોને દીનતાપૂર્વક પ્રાર્થના કરે છે, ત્યારે તેના માથા પર ઘણનો જોરદાર પ્રહાર કરી અને નિષ્ઠુર



શબ્દથી તેને આ પ્રમાણે કહે છે-

"જ્યારે નિર્દય થઈને જીવને મારતો હતો ત્યારે કેમ પૂછતો ન હતો કે મારો શું અપરાધ છે ? જીવને ચડ્ ચડ્ ફાડીને માંસ ખાતો હતો ત્યારે પૂછતો ન હતો કે મારો શું અપરાધ છે ? **જ્યારે જન્મ પણ ન પામેલા ગર્ભમાં રહેલા તારા જ બાળની હત્યા કરી હતી, ત્યારે અપરાધ કેમ યાદ ન આવ્યા ?** જ્યારે પાપિષ્ઠ હૃદયથી જુઠને બોલતો હતો, હે પાપી ! ત્યારે તને ખબર ન પડી કે હું શું પાપ કરું છું ? જ્યારે નિર્ઘૃણ થઈને અનીતિ-ચોરી ભ્રષ્ટાચારથી લક્ષ્મીને એકઠો કરતો હતો, ત્યારે કેમ પૂછતો ન હતો કે મેં કોનો શું અપરાધ કર્યો છે ? પરસ્ત્રીમાં મોહિત થઈને જ્યારે અન્ય સ્ત્રીઓ જોડે વિલાસ અને ભોગ ભોગવતો, ત્યારે મૂર્ખ ! તને ખબર ન હતી કે તું શું પાપ કરી રહ્યો છે ? જ્યારે ભયંકર લોભથી વાસિત થઈને પરિગ્રહ એકઠો કરી રહ્યો હતો, ત્યારે મૂર્ખ ?



તને ખબર ન પડી કે મેં શું પાપ કર્યું ? જ્યારે હિંસામાં આસક્ત બનીને શિકાર ખેલવા દ્વારા સેંકડો પ્રાણીઓની હિંસા કરતો હતો, ત્યારે મૂઢ ! તને ખબર ન હતી કે હું થોડા ખાતર ઘણું ચૂકી રહ્યો છું ? અર્થાત્ થોડા સુખ ખાતર ઘણા દુઃખોને નોતરી રહ્યો છું, એવું ભાન તને ન હતું ? જ્યારે વિષયોમાં આસક્ત થઈને તેમાં વિઘ્નભૂત એવા સ્વજનોને જ્યારે પીડતો હતો, ત્યારે મૂઢ ! તને ખબર ન હતી કે થોડા ખાતર ઘણું ચૂકી રહ્યો છું ?

પોતાની જાતિના અભિમાનથી ઉન્મત્ત થઈ જ્યારે તું બીજાની નિંદા કરતો હતો, ત્યારે મૂઢ ! તને ખબર ન પડી કે હું કેટલા પાપ બાંધી રહ્યો છું ? જે ભોગવતા અત્યંત પીડાઓ મારે ભોગવવી પડશે.

રૌદ્ર પરિણામી મનવાળો થઈને જ્યારે 'આ બધાને મારી નાંખુ,' એવા પરિણામવાળો તું



જ્યારે હતો ત્યારે જાણે તું બધું જ જાણતો હતો, હવે મુગ્ધ બની ગયો ? જ્યારે આ જગતમાં સર્વજ્ઞ કોણ છે ? એમ તું કહેતો હતો, ત્યારે જાણે બધું જાણતો હતો અને હવે અજાણ મુગ્ધ બની ગયો ? નાસ્તિકતાની પરાકાષ્ઠાએ પહોંચીને જ્યારે તું ધર્મનો અપલાપ કરતો હતો, ત્યારે તું સર્વનો જ્ઞાતા હતો, હવે અજ્ઞાની બની ગયો ?

પાપારંભથી નિવૃત્ત થયેલા સાધુઓની તું જ્યારે નિંદા કરતો હતો, ત્યારે તને એમ હતું કે હું જ સર્વ જાણું છું. બીજા બધા અજ્ઞાની છે.

જ્યારે 'દેવ નથી, ધર્મ નથી,' એમ મૂર્ખ એવો તું બોલતો હતો, ત્યારે તને એમ જ હતું કે મારા જેવો જાણકાર બીજો કોઈ નથી.

પશુઓને મારો, ફાડો, કતલખાના ખોલો, માંસાહારી પ્રજા માટે જરૂરી છે. વસ્તી વધારાને રોકવા ગર્ભપાત કરાવો વગેરે પ્રતિપાદન કરતી વખતે તું એમ માનતો હતો કે હું જ નિષ્ણાત

છું. મારા સિવાય બાકી બધા કોઈ કશું જાણતા નથી."

આ પ્રમાણે કહેતા કહેતા પરમાધામી દેવો નારકીનાં સર્વ અંગોને ફાડી નાંખે છે અને ગમે ત્યાં ફેંકે છે. વળી, કેટલાક પરમધામી દેવો, નારકના શરીરના ટુકડાઓ કરીને ભયંકર જવાળાઓથી સળગતા એવા અગ્નિમાં તે ટૂકડાઓને નાંખે છે. આ સિવાય પણ અનેક પ્રકારની પીડાઓ પરમાધામી દેવો નરાકના જીવોને આપે છે. જેમ કે-

અત્યંત તીક્ષ્ણ મોટા કાંટાઓના શાલ્મલી નામના વૃક્ષ પર નારકને ચઢાવે છે, તેના શરીરમાં કાંટા ભોંકાય છે અને પછી ખેંચે છે, તેથી કાંટાની ઘોર વેદના ભોગવે છે. દોડતા નારક પર પાછળથી બાણની વર્ષા કરી તેને વીંધી નાખે છે. કેટલાક પરમાધામીઓ વજથી નારકીના જીવના ચૂરા કરી નાંખે છે. મીઠાને પથ્થરથી વાટીએ, તે રીતે તેના



શરીરના ટુકડાઓને ચૂર્ણ જેવા કરે છે. કેટલાક નારકીને પથ્થરો મારે છે. કેટલાકને યંત્રોમાં શેરડીની જેમ પીલી નાંખે છે. કેટલાક ભાલામાં નારકીને પરોવે છે. કરવતથી સુથાર જેમ લાકડા વેરે છે, તેમ નારકીના જીવને વેરીને કાપી નાખે છે. નારકીમાં મોટી કુંભીઓ (લોખંડની કુંભી જેવી) હોય છે. તેની નીચે ભયંકર અગ્નિ પ્રગટાવી કુંભીમાં નારકીને નાખીને જીવતો પકાવે છે. ક્યારેક નારકીના શરીરના ટુકડા કરી તેલમાં ભજીયા તળે, તેમ તેના શરીરના ટુકડા નાખીને છમ્ છમ્ કરતાં તેને તળે છે. જ્યારે કેટલાકની ઉપરની ચામડીઓ ઉખેડી નાંખી તેમાં ક્ષાર ભભરાવે છે. ભયંકર અગ્નિના તાપથી તપેલા નારકો જ્યારે એમ કહે છે કે મને તૃષા લાગી છે, ત્યારે આ પરમાધામીઓ પાણી લાવું છું, એમ કહેતા જેને જોઈ પણ ન શકાય તેવા તાંબા અને સીસાના રસ લાવીને, ગળામાં સાણસો નાંખી, ગળાને



પહોળુ કરી તેમાં આ તાંબા અને સીસાને ગરમ કરીને પ્રવાહીમય બનાવેલા ઉકળતા રસને નાંખે છે. વળી, કેટલાક પરમાધામી દેવો વૈક્રિય શક્તિથી ઘુવડ, સિંહ, વાઘ વગેરે જંગલી જાનવરોની વિકુર્ણા કરીને, તેના વડે નારકોની કદર્થના કરે છે. વીંછીઓ વિકુર્વીને તેના શરીરને ઘેરી લે છે. વળી, ક્યારેક પોતાની તામસી વૃત્તિઓ સંતોષવા કુકડાઓની માફક નારકીઓને પરસ્પર લડાવે છે.

ક્યારેક પરમાધામી દેવો નારકના જીવના કાન કાપી નાંખે છે, આંખો ઉખેડી નાખે છે, હાથ-પગ કાપી નાંખે છે, છાતી બાળી નાખે છે, નાક કાપે છે. વિકૃર્વિત વાઘ-સિંહને ભક્ષ્ય તરીકે નારકીને ફેંકે છે.

કુંભીમાં પકાવાતા નારકીઓ ક્યારેક ઉત્કૃષ્ટથી ઉપર પાંચસો યોજન સુધી ઉછળે છે. વળી, અવારનવાર પરમાધામી દેવો પણ આખા નારકને અથવા તેના શરીરના અંગોપાંગ કાપીને



ઉપર ૫૦૦ યોજન સુધી ઉછાળે છે. ઉપરથી પડતા એવા નારકને વ્રજ જેવી ચાંચોથી વિકુર્વિત વૈક્રિય પક્ષીઓ પીડે છે. ક્યારેક વૈક્રિય વાઘો આદિ પણ તેમના શરીરના ટુકડા કરે છે.

સેંકડો-હજારો ભયંકર કોટિના દુઃખોથી પીડિત નિરાધાર, રક્ષણહીન, સદા ભયભીત નારકો પીડાથી બચવા માટે આમ તેમ ભટકે છે. પરંતુ તેને ક્યાંય રક્ષણ મળતું નથી. અને ક્યાંય ક્ષણભર પણ શાંતિ મળતી નથી. પરમાધામી દેવોથી બચવા દોડતા એવા નારકને દૂરથી આગળ એક નદી દેખાય છે. નદીમાં ઠંડક મળશે તેવી આશાથી નારકો દોડે છે. નદી પાસે પહોંચીને નદીમાં ભૂસકો મારે છે પણ ત્યાં તો નદીનું પાણી ભયંકર તાંબાના કે લોખંડના પીગળેલા રસ જેવું અતિ તપેલું હોય છે. તેથી તેમાં આખું શરીર છૂટુ પડી જાય છે. આમ તેમ રખડતા બળી ગયેલા શરીરના અવયવો પાછા કિનારે આવે, ત્યાં તો

કિનારા પરની રેતી અંગારા જેવી હોય છે. ત્યાં ઉછળતા અને પડતા ચણા અને ધાણીની માફક ભૂંજાય છે. વૈતરણી નદીના કિનારે અંગારા જેવી ગરમ રેતીમાં ભૂંજાતા અને તેની ગરમીથી બચવા દોડતાં નારકીનાં જીવો દૂર દૂર રહેલા અસિપત્ર વન તરફ દોડે છે. ત્યાં જઈ જાણે ઠંડકનો અનુભવ ઘણા સમયે થયો, એમ વિચારીને ત્યાંના ઝાડની છાયામાં બેસે છે. ત્યાં તો ક્ષણવારમાં જ મોટા મોટા પથ્થરોને ઉછાળી-ભમાવીને પાડતું એક મોટું વંટોળીયું આવે છે. તેનાથી ઝાડો અને તેની શાખાઓ પણ ચલાયમાન થાય છે, અને છાયામાં બેઠેલા નારક ઉપર કાંટાઓથી ભરપૂર તથા તલવારાદિ શસ્ત્રો જેવી ડાળીઓ પડતા તેના હાથ, પગ કપાઈ જાય છે. ક્યારેક પેટ પણ છૂંદાઈ જાય છે, અંગોપાંગ ભેદાય જાય છે, ક્યારેક માથા પર પડતા માથાના બે ટુકડા થઈ જાય છે. વળી પાછા શરીરના ભાગો ભેગા થતા દોડે છે. ઉપરથી



અંગારાનો વરસાદ વરસે છે. વળી, પાછળ ભાલાઓથી હણાતા પરવશ બનેલા બચવા માટે વૈતાલિક નામની ગુફાઓમાં દોડે છે. પરંતુ ત્યાં ઘોર અંધકાર છે. ગુફાની દિવાલો દેખાતી નથી, એટલે એની દિવાલો સાથે અથડાતા માથુ ફૂટી જાય છે, અંગોપાંગ તૂટી જાય છે, અને લોહી-લુહાણ થઈને પૃથ્વી પર પડે છે. વળી, પ્રલયકાળના મેઘ જેવા ગર્જનાના ભયંકર શબ્દો સાંભળીને ભયભીત થઈ આમ તેમ દોડે છે. ત્યાં તો પૂર્વ વૈરી એવા નારકોએ કે પરમાધામી દેવોએ વિકુર્વેલા સિંહ-શિયાળો, કૂતરા કે ઘુવડાદિ પક્ષીઓથી ગ્રહણ કરાય છે, ખવાય છે. તેમાંથી પણ છટકીને ભાગતા ભાગતા વજ્રકુંડમાં પ્રવેશ કરે છે. તેમાં ક્ષણમાત્ર કોઈક નારક નીચે પ્રમાણે ચિંતવે છે :

અહો ! અકાર્યમાં મૂઢ, અજ્ઞાનથી અંધ એવા અમે અકાર્ય કર્યા, ત્યારે જ ગુરુ ભગવંતોએ



સૂચવેલ કે નરકમાં આવી વેદનાઓ છે પણ અમે શ્રદ્ધા ન કરી. હવે પ્રત્યક્ષ અનુભવીએ છીએ. અમને કહેવામાં આવ્યું હતું, કે જીવોને મારો નહિ. પરંતુ વિષયોમાં મોહિત એવા અમે હિંસાથી અટક્યા નહિ. અસત્ય બોલશો નહિ એમ જ્યારે સાધુઓએ ઉપદેશ આપ્યા, ત્યારે અમે કહ્યું, “કોણ જૂઠું નથી બોલતું ?” ગુરુઓ મને કહેતા હતા કે પરદ્રવ્ય (અનીતિથી દ્રવ્ય) મેળવાય નહિ. ત્યારે હું જવાબ આપતો હતો કે, “મારી પાસે દ્રવ્ય જ ક્યાં છે ?” સાધુઓ કહેતા કે પરસ્ત્રીસેવન પરલોક વિરુદ્ધ છે ત્યારે ખરેખર હું કહેતો હતો કે “પરલોક કેવો હોય છે ?” જ્યારે ગુરુઓ કહેતા હતા કે પરિગ્રહની મૂર્છા ખૂબ ન કરવી, ત્યારે હું કહેતો, “અમારે પરિગ્રહ વિના જીવવું જ શક્ય નથી.” સાધુઓ કહેતા હતા કે આવો મહારંભ કર નહિ, ત્યારે હું કહેતો કે તે સિવાય મારા કુટુંબને શી રીતે જીવાડું ?



હે જીવ ! જેની ખાતર તેં આ ભયંકર દુઃખો આપનારા પાપો કર્યા તે તારું પ્રિય કુટુંબ ક્યાં ગયું ? જ્યારે ગુરુ કહેતા, આ નિર્દોષ હરણ-સસલા-ભૂંડ વગેરે પ્રાણીઓને હણ નહિ, ત્યારે મૂર્ખ એવો હું કહેતો કે, “એ તો અમારે શાકભાજી જેવા છે.”

આવી શુભ વિચારણા કરતા કોઈક જીવ સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. પણ બીજા ભારેકર્મી જીવોને ઘોર દુઃખોને ભોગવવા છતાં આવા પશ્ચાત્તાપના ભાવો થતા નથી.

વળી, એટલામાં જ જંગલમાં જેમ દાવાનળ થાય છે, તેમ ધમધમાટ કરતો ભયંકર દાવાનળ ઉત્પન્ન થાય છે. પવનથી કુડંગમાં પણ દાવાનળ ફેલાઈ જાય છે અને નારકીને સળગાવે છે. દુઃસહ ભયંકર જ્વાળોઓથી બળી ગયા છે સર્વ ગાત્રો જેના/એવા તે દુઃખાર્ત નારકો, ઉન્મત્તની જેમ વેદનાઓથી બચવા ચારે બાજુ ભમે છે.

બાણોની વર્ષાની પીડા, ભાલાઓના ઘા, દુ:સહ જ્વાળાઓમાં બળવાની વેદનાને ભોગવતો રુધિર-પરૂ-ચરબી-લોહીથી આક્રાંત ભૂમિ પર સતત ભટકે છે. ભૂખ-તરસ-ઠંડી-ગરમી-જ્વર, પરાધીનતા-ખણજ-રોગાદિની ક્ષેત્ર પીડાઓ, પરસ્પર વૈરીઓ દ્વારા થતા શસ્ત્રોના-પત્થરોના ઘાતોની પરસ્પર ઉદીરણાની પીડાઓ, અને ઉક્ત વર્ણનથી પણ અનંતગણી પરમાધામી કૃત વેદનાને ભોગવતા નારકના જીવો ક્ષણમાત્ર પણ સુખને પામતા નથી. વેદનામાં વચ્ચે ક્ષણમાત્રનો પણ વિસામો મળતો નથી. વળી, સતત ભયના ઓથાર નીચે જીવનનો કાળ પસાર કરી રહ્યા છે. અહીં પ્રથમ નારકીમાં જઘન્ય આયુષ્ય ૧૦ હજાર વર્ષ છે. એટલે ઓછામાં ઓછું આયુષ્ય બાંધીને જે નરકમાં ગયેલ છે, તેને પણ દશ હજાર વર્ષ સુધી સતત આ દુ:ખોને ભોગવવા પડે છે. ઉત્કૃષ્ટથી સાતમી નરકમાં ૩૩ સાગરોપમનું આયુષ્ય હોય છે. તેટલા દીર્ઘકાળ



સુધી આ પીડાઓ ભોગવવી પડે છે.

જો કે અત્રે વર્ણન કર્યું છે, તે તો માત્ર આંશિક છે. નરકના દુ:ખોનું સંપૂર્ણ વર્ણન કરવા માટે અમારા જેવાનો અલ્પ ક્ષયોપશમ સમર્થ નથી. બહુશ્રુતો આને વિશેષપણે વર્ણવી શકે. કેવળજ્ઞાની ભગવંતો સંપૂર્ણપણે વર્ણવી શકે.

જો કે કેટલાક જીવો જ્ઞાનીઓની આ વાતને માનતા પણ નથી. પરંતુ જ્ઞાન-દર્શનને ધારણ કરનારા જ્ઞાનીઓએ પોતાના જ્ઞાનથી પ્રત્યક્ષ કરીને આ વાત જણાવી છે.

૧ પલ્યોપમ = અસંખ્ય વર્ષ.

૧ યોજન લાંબા, ૧ યોજન પહોળા, ૧ યોજન ઊંડા એવા એક કુવાને યુગલિક પુરુષના એક અંગુલ પ્રમાણ વાળના અસંખ્ય ટુકડા કરી તેનાથી ખીચોખીચ ભરવો. દર સો વર્ષે એક વાળ કાઢતા જેટલા કાળમાં કુવો ખાલી થાય, તે કાળને ૧



પલ્યોપમ કહેવાય છે. ક્રોડ x ક્રોડ x ૧૦ પલ્યોપમ = ૧ સાગરોપમ. પાપો કરીને નરકમાં જનાર જીવને આવા પલ્યોપમો અને સાગરોપમો સુધીના ઘોર દુ:ખો સહન કરવા પડે છે.



## આ તો દવાખાનાં કે કસાઈખાનાં

(કેટલી ક્રૂરતા માનવીમાં વસી છે એનો તાદૃશ ચિતાર આપતો આ લેખ અમારી પાસે પડ્યો હતો... ધાર્મિક જીવોમાં પણ ભ્રૂણ હત્યાની ભયંકર બદી પ્રવેશી ગઈ છે. જેના કારણે આજ માનવ જાત અશાંતિના આરે આવીને ઉભી છે... આ લેખ વાંચ્યા પછી અમને વિશ્વાસ છે કે ગર્ભ હત્યાનું ભયંકર પાપ સેવવાની કદી તમે ઈચ્છા નહિ જ કરો... ખૂબ જ શાંતિથી આ લેખને વાંચો... અને કદાચ પાપ આચરાઈ ગયું હોય તો તેનું પાર્યશ્ચિત્ત લો, ભવિષ્યમાં એ પાપ નહિ આચરવાની ઘોર પ્રતિજ્ઞા કરી લ્યો. લેખકનું નામ જાણમાં નથી જેથી છાપવું રહી ગયું છે. આ લેખ ઘણા વર્ષે પૂર્વેનો છે હાલ તો આથી અનેકગણા ભ્રૂણ હત્યાના પાપ ચાલી રહ્યા છે.)

ભારતના આરોગ્ય મંત્રીશ્રીએ થોડા વર્ષો

પહેલા લોકસભામાં સગર્વ જાહેરાત કરી હતી, કે વર્ષ ૧૯૭૮-૭૯ દરમિયાન સરકારને ચોપડે બે લાખ તેર હજાર ગર્ભપાતના કેસ નોંધાયા હતા. તેમણે એ વાતે ખુશી પણ વ્યક્ત કરી કે હવે ભારતમાં ગર્ભપાત લોકપ્રિય બનતો જાય છે. ધીમે ધીમે આ સામાજિક કલંક પ્રત્યે લોકોની સુગ ઓછી થતી જાય છે. આ ભ્રૂણ હત્યામાં તાલિમનાડુ અને મહારાષ્ટ્ર રાજ્ય આખા દેશને મોખરે છે. તે બદલ મંત્રીશ્રીએ તેમને અભિનંદન આપ્યા હતા અને બીજા રાજ્યોને આ બે પ્રગતિશીલ રાજ્યોનાં ચરણ ચિહ્નો પર લાવવા સલાહ આપી હતી. સંભવ છે કે તામિલનાડુ અને મહારાષ્ટ્રના આરોગ્ય મંત્રીઓની છાતીઓ ગજ-ગજ ફુલી હશે અને તેમણે પોતાની ખૂની વિભાગના કસાઈઓને માન ચાંદ કે ઈનામ ઈલ્કાબોથી નવાજ્યા હશે. લોકસભાનાં તમામ માનનીય સભ્યોએ પણ આ આંકડા ઠંડા કલેજે સાંભળી લીધા હશે અને પછી પ્રજાના ખર્ચે કેન્ટીનમાં જઈ ચ્હા નાસ્તા કર્યા હશે.



પરંતુ તમે જો આ લેખ જમ્યા પહેલાં વાંચશો તો ભોજન નહિં ભાવે અને રાત્રે વાંચવા બેઠા હશો તો જલ્દી ઊંઘ નહિ આવે, એમ કરો ફુરસદે જ વાંચજો.

**પડદા પાછળ શું થાય છે ?**

ગર્ભપાતની કેટલીક વૈજ્ઞાનિક માન્ય ડોક્ટરી પદ્ધતિઓ જે આજે ભારતમાં પ્રચલિત છે તે જ જોઈએ.

**ડી. એન્ડ સી. ઓપરેશન**

દાકતરી સાધન વડે સગર્ભા સ્ત્રીના ગર્ભાશયનું મુખ પહોળું કરવામાં આવે છે.પછી એ સાધન વચ્ચેથી એક ચપ્પુ અથવા કાતર જેવું હથિયાર અંદર નાખીને જીવતા બાળકને તે વડે વીંધી નાખવામાં આવે છે. ગર્ભમાં તરફડતું બાળક લોહીલુહાણ થઈ અસહ્ય વેદના ભોગવી મૃત્યુને શરણ થાય છે. પછી એક ચમચી જેવા સાધનની મદદથી બાળકના ટુકડે ટુકડા બહાર કાઢવામાં



આવે છે. કૂચો થઈ ગયેલું મગજ, લોહી દડદડતાં આંતરડા, બહાર નીકળી પડેલી આંખો, દુનિયામાં જેણે પહેલો શ્વાસ પણ નથી લીધો તેવા ફેફસા, નાનકડું હૃદય, હાથ, પગ બધું જલ્દી જલ્દી બહાર કાઢીને નીચેની બાલદીમાં ડોકટરે ફેંકી દેવું પડે છે. બહાર ગર્ભપાત માટેના ઉમેદવાર બહેનોની લાઈન હોય છે ! એટલે ડોકટરે આ બધું જલ્દી પતાવવું પડે છે. તેથી ઘણી વખત બાળકને અંદર તરફડીને મરી જવા માટે પુરતો સમય પણ અપાતો નથી. અંધારામાં તીર મારવા જેવું ઓપરેશન છે. હથિયાર ગર્ભ માહેના બાળકના માથામાં, છાતીમાં, પેટમાં, કે હૃદયમાં ન વાગતાં હાથ, પગ, કે સાથળમાં ઘોંચાય તો બાળક જલ્દી મરતું નથી. ૭૦, ૮૦ કે ૯૦ વર્ષ જીવવા માટે જે છોડ તૈયાર કર્યો છે, તેની જિજિવિષા ખૂબ પ્રબળ હોય, તેથી બાલદીમાં ધબકતા હૃદય જોઈને ડોકટરો, નર્સો અને સ્વીપરો સુદ્ધા બીજી બાજુ આંખો ફેરવી લે છે.



આ હથિયાર ક્યારેક ઉતાવળમાં અને ક્યારેક અનભ્યાસી હાથે, ગર્ભાશયને પણ નુકશાન કરી દે છે. તેવાં કિસ્સામાં લાંબા સમય સુધી લોહી વહે છે. અંદર ચાંદુ પડે છે. કાયમનો પ્રદર થાય છે. જાતીય આવેગો ઠંડા પડી જાય છે. પરિણામે દાંપત્ય જીવન ખાટુ પડે છે અને ક્યારેક તો એવી સ્ત્રી ક્યારેય માતા બની શકતી નથી.

**ચૂસણ પદ્ધતિ.**

ગર્ભાશયમાં એક પોલી નળીનો છેડો દાખલ કરવામાં આવે છે. નળી સાથે એક પંપ બેસાડેલો હોય છે અને નળીને બીજે છેડે મોટી બોટલ જોડેલી હોય છે. નળીનો એક છેડો ગર્ભાશયમાં બરાબર ગોઠવ્યા પછી પંપને ઉઘાડવાસ કરવાથી ગર્ભ માંહેનું જીવતું બાળક ગર્ભાશયમાં પછડાય છે. કસાઈઓ બકરાને એક ઝાટકે હલાલ કરે છે. જ્યારે આ પદ્ધતિમાં ક્યારેક બાળકના જુદાં જુદાં અંગો નળીમાં ખેંચાઈ આવે છે. ડોળા ફાટીને

બહાર આવી જાય છે. સકસનને લીધે પેઢૂં, છાતી, પેટ અને મગજના પોલાણોમાં આવેલા અવયવો ફાટીને વેર-વિખેર થઈને બહાર આવે છે, અને જો જીવ વધુ હઠીલો અને બળિયો હોય તો આખો જીવતો સાંગોપાંગ બહાર આવે છે, ત્યારે બંધ બોટલમાં જોરથી પછડાઈ તેના ભુક્કા બોલી જાય છે. કેટલીય વાર સુધી બાળક એ બોટલમાં તરફડતું રહે છે અને પછી શ્વાસ રુંધાતા તે ઠંડુ પડી જાય છે.

આ પદ્ધતિમાં ક્યારેક આખુ ગર્ભાશય બહાર ખેંચાઈ આવે છે. તેવી સ્ત્રીઓને જીદંગીભર અનેક તકલીફો થાય છે. કમરનો દુ:ખાવો તો કાયમી થઈ જાય છે. પછીનું ગર્ભાધાન ઉથલો મારે છે અને રક્તસ્રાવને કારણે સ્ત્રી નંખાઈ જાય છે.

**હિસ્ટેરોટોમી (નાનું સીઝેરીયન)**

પેડુને ચીરી સગર્ભા સ્ત્રીના આંતરડા બહાર કાઢી ગર્ભાશયને ખોલી જીવતું બાળક બહાર



કાઢવામાં આવે છે. પછી એને બાલદીમાં ફેંકી દેવું પડે છે. હાથ-પગ હલાવતું હવાતિયા મારતું રડતું અસહાય બાળક બાલદીમાં જ મરી જાય છે. તેમાં પણ કેટલાક જબરા જીવો કલાકો સુધી મરવાની ના પાડે છે, અને ઓપરેશન થીયેટરમાં બીજો કેસ તુરત જ દાખલ કરવાનો હોય છે, તેથી બાલદીમાં જીવતા બાળકને તીક્ષ્ણ હથિયાર વડે વિંધી નાખવામાં આવે છે. અથવા મોટા ફટકાથી તેનો કચ્ચરઘાણ કાઢવામાં આવે છે. જો કાતીલ ખુનીઓ, ડાકુઓ, મારાઓ અને આદતના નર હત્યારાઓ આવા બે ચાર ઓપરેશનો જોઈ લે તો કદાચ તેઓ પોતાનો ધંધો છોડી દઈને સાધુ બની જાય અથવા આવું કાળુ કામ કરનારાઓનું ખૂન કરી બેસે.

**ઝેરી ક્ષારવાળી પદ્ધતિ**

એક લાંબો સોયો ગર્ભાશયમાં ભોંકવામાં આવે છે. તેમાં પીચકારી વડે ભારે ક્ષારનું દ્રાવણ છોડવામાં આવે છે, ચારે તરફ દ્રાવણથી ઘેરાયેલું



બાળક થોડો ક્ષાર ગળી જાય છે. જોત જોતામાં બાળકને ગર્ભાશયમાં હેડકી ઉપડે છે. ઝેર ખાધું હોય તેવા બાળકની જેમ તે ગર્ભાશયમાં અમળાવવા-ખેંચાવા લાગે છે. ક્ષારની દાહક અસરથી ચામડી કાળી પડી જાય છે. અંતે ગુંગળાઈને બાળક ગર્ભમાં મરી જાય છે. પછી તેને બહાર કાઢી લેવામાં આવે છે. ઘણીવાર ઉતાવળમાં કાઢવામાં આવે તો બાળક થોડું જીવતું હોય છે. એ વખતે તેની ચામડી વાદળી હોય છે. બહાર તે થોડીવારમાં મૃત્યુ પામે છે. આવા ગર્ભપાતમાં જો બાળક જોડિયું હોય તો એક મરેલું અવતરે અને બીજું જીવતું આવે પરંતુ તેને પણ ટૂંક સમયમાં જ અન્ય ઘાતકી રીતો વડે મરણને શરણ કરવામાં આવે છે.

**નિકાલની આગવી રીતો**

એક ઓપરેશનમાં ૭ માસનું બાળક નીકળ્યું. પોતાને આ દુનિયામાં જીવવાને અધિકાર છે એમ વ્યક્ત કરવા માટે તે જોરશોરથી રડવા લાગ્યું.



ડોકટરે તેને મહેતરને આપવા માટે આયાને આપ્યું. જીવતા બાળકને દાટી દેવા માટે મહેતરે અસ્વીકાર કર્યો. આયા અને મહેતર વચ્ચે ઝઘડો થયો. અંતે આયાએ બાળકને ભોંય તળિયે પછાડ્યું. થોડીવારમાં તે તરફડીને મૃત્યુ પામ્યું. તે પછી જ મહેતરે તેના માસુમ શબનો સ્વીકાર કર્યો. આયા (મોટી વેટર)ને દશ રૂપિયા મળ્યા. ડોકટર અને તેના મદદનીશને પાંચ રૂપિયા મળ્યા. નર્સને એક રૂપિયો મળ્યો અને પોતાના જ બાળકની હત્યારી માતાને પૂરા એકસો રૂપિયા મળ્યા.

(૧૯૭૨ થી ભારત સરકાર એક ગર્ભપાત પાછળ આટલી રકમ પ્રોત્સાહન રુપે આપે છે.)

ગર્ભપાતના કિસ્સામાં કેટલીક કન્યાઓને એની માતાઓ અજ્ઞાનવશ કે જાણી જોઈને ખોટી માહિતી આપે છે અને તે કહે છે તે કરતાં બાળક વધુ પરિપકવ નીકળે છે. કેટલાક કેસોમાં બાળક મરવાની જ ના પાડે છે અને કોઈ દયાળુ આત્મા તેને દત્તક પણ લઈ લે છે.

એક વખત એક પરિપક્વ ગર્ભનું મસ્તક જ ચૂસણ પદ્ધતિમાં અલગ થઈ ગયું અને બાકીનું ધડ શ્વાસ લેવા અર્ધા કલાક સુધી હવાતિયા મારતું રહ્યું. દિવસને અંતે ઓપરેશન થિયેટરમાં તમામ માનવ એઠવાડ ઉભરાતી બાલદીઓ, મૃત્યુ પામેલા અને ટળવળતાં મનુ સંતાનોને દાટી દેવામાં આવે છે અથવા ભઠ્ઠીમાં નાખીને બાળી નાખવામાં આવે છે.

**ગાંધીનો આ દેશ**

અહિંસાનું દર્શન ભારતમાં સૂક્ષ્મરૂપે ખેડાયું છે. અહિં જૈન ધર્મનો પ્રાદુર્ભાવ થયો છે. જેમાં લોકો પંચેન્દ્રિય જ નહિં એકેન્દ્રિય જીવને મારવામાં પણ હિંસા માને છે. તે માટે મોંએ મુહપત્તિ બાંધે છે. અને વર્ષમાં ચાર માસ સુધી લીલા શાકભાજીનો પણ ત્યાગ કરે છે. આ દેશમાં મરઘીનું ઇંડુ પણ માંસાહાર અને પાપ ગણાય છે. અહિં લોકો કબૂતરને ચણ નાંખે છે. કીડીઓના દર પાસે કીડીયારુ પુરે છે. માછલીઓને તલના લાડુ ખવરાવે



છે. અરે સર્પ સુદ્ધાને દૂધ પાય છે. જે બકરીના ગર્ભમાં બચ્ચુ હોય તે બકરીની કતલ કરવાની 'દીન' મનાઈ ફરમાઈ છે. લોકો પોતાના સગર્ભ પશુઓને કસાઈખાને વેચતા નથી. પ્રયોગશાળાના પ્રયોગ માટે વાંદરાઓની વિદેશમાં નિકાસ થતી હતી તે લોકોના આગ્રહથી સરકારે બંધ કરવી પડી છે. અને પરિણામે તેટલું હુંડિયામણ ઓછું મળે છે. હવે કબૂતરોની નિકાસબંધી થવાની છે. અહિં મોરને મારવો ગુનો છે. સિંહ, વાઘ, ચિત્તાના શિકારની મનાઈ ફરમાવવામાં આવી છે. ઘરડી-લૂલી-લંગડી ગાયો માટે અનેક પાંજરાપોળો આ દેશના સુખી દાતાઓ ચલાવે છે. ગૌવંશની કતલ બંધ કરાવવા દેશના આચાર્યો, સંતો અને મહંતો ઉપવાસ પર ઉતરે છે. ત્યારે ગાંધીના આ દેશમાં માનવ વંશને ક્રૂરતા પૂર્વક કતલ કરવા માટે સરકાર પ્રોત્સાહન આપે છે. જાહેરાતો આપે છે. આંકડા જાહેર કરે છે. તે બદલ ગૌરવ અનુભવે



છે. આ ખૂની કાવતરામાં સામેલ આખી મીશનરીને બિરદાવે છે.

**પ્રચાર જાળ**

બોલે તેના બોર વેચાય એ ન્યાયે જાહેરાતમાં સરકાર લોકોને ફસાવવા માટે લોભામણા સૂત્રો ચીતરે છે. "પ્રસુતિ નિવારણ એ સ્ત્રીનો અધિકાર છે." આ સૂત્ર વાંચીને કોઈ બિન અનુભવી મહિલા કુટુંબ કલ્યાણ કેન્દ્રની મુલાકાત માટે જાય તો તેમને ગર્ભપાતની સલાહ આપવામાં આવે છે. સલાહ આપનાર પોતે અથવા તેની સાંખલ માંહેની બીજી કોઈ પણ મોટી વેટર હોય છે, જે મોટી સંખ્યામાં મહિલાઓને ગર્ભપાત માટે તૈયાર કરવામાં પાવરધા હોય છે. તેઓ સગર્ભા સ્ત્રીને અનેક રીતે સમજાવે છે. તમને બાળકની હમણાં જરુર નથી. તમારું યૌવન તમારું સૌન્દર્ય અકબંધ રાખવું હોય તો ગર્ભપાત કરાવી નાંખો. તમારે નોકરી કરવી છે, તમારે પતિને કંપની આપવી છે, તમારે વિદેશ જવું છે, તમારે મોજમજા કરવી છે, બાળક તેમાં



બાધક બનશે. પાંચ દશ વર્ષ થોભી જાવ. હમણાં ગર્ભપાત કરવી નાંખો. એબોર્શન હવે કાયદાની દૃષ્ટિએ માન્ય છે. તેમાં કંઈ વાંધો આવતો નથી. તકલીફ થતી નથી. ઉપરથી રૂપિયા મળે છે. નોકરી કરતા હો તો ચાલુ પગારે રજા મળે છે. એ... ય ઘેર સૂઈ આરામ કરી સરકારી પૈસે શીરો ખાઈ તાજા માજા થઈ ને ફુલફાટક થઈ ને ફરી શકો છો, એકવાર ભૂલ કરી તેવી બીજી વાર ન થવા દેજો. સંતતિ નિયમનના સાધનો વાપરજો પરંતુ આ વખતે તો નિકાલ કરાવી જ નાંખો.

તેમ છતાં ધર્મભીરુ ભારતીય સ્ત્રી હજારો વર્ષના સંસ્કારના બળે ગર્ભપાતનું પાપ કરતાં ખચકાય છે. ત્યારે તેને સમજાવામાં આવે છે કે હજુ તો શરૂઆત જ છે. તેમાં હજુ જીવ નથી, એ તો માંસનો લોચો હોય છે. તેને કાઢી નાખવામાં કશુ પાપ જેવું નથી. ખાસ દર્દ થતું નથી. અઠવાડિયામાં ઉભા થઈ જશો. કોઈને ખબર પણ નહિં પડે, અને ભોળી સ્ત્રીઓ આ

પ્રચાર જાળમાં ભરમાઈ જાય છે. તેમને ખબર નથી કે ત્રીજે મહિને તો બાળક પેટમાં ફરકવા માંડે છે અને જીવ તો ગર્ભાધાન વખતે જ તેમાં પડી જાય છે. સંભોગ વખતે પુરુષ વીર્યના શુક્રાણું અને સ્ત્રી બીજના મિલન વખતે જ તેમાં જીવ પડી જાય છે, જે જીવનથી ધબકતા હોય છે.

જીવ જ જીવને જન્મ આપી શકે. મૃત પદાર્થમાંથી કદી જીવન ન સંભવે. વસ્તી ઘટાડવા માટેની આ એક નીચ અને ખુની ચાલ છે. જે જીવના ઈન્કાર માટે જુઠાણું ફેલાવવામાં આવે છે, એ જુઠાણાની જનક સ્વયં સરકાર છે. વધુ હાથોને કામ રોજી રોટી આપવાને અશક્ત એવી સરકાર, જુઠા પ્રચાર દ્વારા માનવીનાં કતલખાનાં ચલાવે, એ દેશમાં દુષ્કાળ પડે, ધરતીકંપો થાય, આગ લાગે, મોંઘવારી વધે, મનુષ્યો ચારિત્રભ્રષ્ટ થાય અને છેવટે યાદવાસ્થળીથી આ દેશનું સત્યાનાશ નીકળી જાય તો તેમાં આશ્ચર્ય પામવા જેવું શું છે ?



**કાયદો અને કુદરતી ન્યાય**

સરકારી અને ખાનગી દવાખાનાઓમાં બારણાઓ પાછળ આવા માનવ કતલખાનાં કાયદાના આધારે આજે ચાલી રહ્યાં છે. ડોક્ટરો, મદદનીશો, નર્સો, સ્વીપરો, મોટીવેટરો અને સંતતિ વિભાગના કર્મચારીઓ પોતાના વળતર માટે પગાર ઉપરાંતની મોટી કમાણી અને ભૌતિક સમૃદ્ધિની ભૂખ ભાંગવા માટે, વધુ મહિલાઓને ગર્ભપાત કરાવવા કતલખાનાઓમાં હારબંધ લાવી રહ્યા છે. આરોગ્ય મંત્રી જે આંકડા બોલ્યા છે, તે તો દવાખાનાઓનાં છે. અંધારી ગલીઓમાં સુયાણીઓ અને ઉંટ વૈદ્યોને હાથે જે ભ્રૂણ હત્યા અને સાથે સાથે સગર્ભા માતાઓનાં છાને ખુણે મોત થતાં હશે તેના આંકડા તો કોઈને કદી મળે તેમ નથી.

કુંવારી માતાઓ લોકલાજે ગર્ભપાત કરાવે છે. તેના કરતા ઘણી મોટી સંખ્યામાં પરિણિત માતાઓ કાયદાને આધારે છડેચાક પોતાના



બાળકોની હત્યા કરે છે. બાળકો નહોતા જોઈતા તો લગ્ન શા માટે કર્યા ? મોજ માણવા જ લગ્ન કર્યાં હોય તો સંતતિ નિયમનના સાધનો શા માટે ન વાપર્યા ? ભૂલ જ થઈ ગઈ હોય તો ભોગવતા કેમ નથી ? ગર્ભાશયમાંથી અકાળે કાઢીને દાટી દેવાતાં બાળકો જો મા બાપ સામે કોર્ટમાં જઈ શકતા હોય તો ? તેઓને સરકારી વકીલની સહાય મળતી હોય તો ? આપણા માબાપે એ રીતે આપણો નિકાલ કરી નાખ્યો હોત તો ?

વણજોઈતાં બાળકોને સમયસર નિકાલ કરવાને રાષ્ટ્રીય સેવાઓ માનનારાઓ એવી દલીલ કરે છે કે અનિચ્છનીય બાળકને જીવવાની ફરજ પાડવા કરતાં મારી નાખવું સારું. આ દલીલને આગળ ચલાવીએ તો અનિચ્છનીય પત્નિઓને જે લોકો બાળી નાંખે છે એ પણ એક દિવસ રાષ્ટ્રસેવા લેખાશે. પછી આંધળા, લૂલા, લંગડા, બાડા, બોબડા, મંદબુદ્ધિવાળા બાળકો અને બોજારુપ બનેલ વૃદ્ધોને પણ વધતી જતી જનસંખ્યા રોકવાને



બહાને ઝેરનું ઈંજેક્શન દઈને મારી નાખવા માટે કાયદો કરી શકીશું. લોકશાહીમાં બહુમતીને ફાવતું આવે તેવો કાયદો બનાવતાં કોણ રોકી શકે છે ? સત્તાસ્થાને બેસનારાઓને પણ બહુમતીનાં મત મેળવવા પડે છે ને ? બહુમતી સમાજ, બીડી સીગારેટ દારુ ભાંગ પીએ, તો નિયમાનુસાર કલ્યાણ રાજ્યમાં એ શિષ્ટાચાર ગણાય ?

ગર્ભપાત કરીને આપણે કેટલા રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, ગાંધી, નહેરુ અને અન્ય મહાન વિભૂતિઓને ધરતી પર આવતાં પહેલાં જ મારી નાખીએ છીએ ? આ સરેઆમ બાળ હત્યા જ છે. દુનિયાના અનેક દેશોમાં ફાંસીની સજા રદ થઈ છે. ખૂનીઓને પણ ફાંસીની સજા આપવામાં આવતી નથી. કારણ કે જીવ લેવાનો મનુષ્યને હક્ક જ નથી. ગર્ભપાત એ ફાંસીની સજા કરતા પણ ક્રૂર આચરણ છે. ફાંસી જેને આપવામાં આવે છે તેનું તત્કાળ મરણ થાય છે. ત્યારે ગર્ભપાતમાં બાળકો કલાકો સુધી તરફડીને મરે છે. ફાંસી

પીડાહીન છે, જ્યારે ગર્ભપાતમાં જીવને ભયંકર યંત્રણા થાય છે. ફાંસી ગંભીર ગુનાની સજારુપે આપવામાં આવે છે, જ્યારે ગર્ભપાતમાં બાળકનો કશો ગુનો હોતો નથી.અન્યની સલામતી માટે ગુનેગારને સમાજ ફાંસી આપે છે, જ્યારે પોતાના મોજશોખ શરીરસુખ અને તરંગ ખાતર આ લોકશાહી સમાજ પોતાના સંતાનોની ગર્ભમાં હત્યા કરે છે. ફાંસીની સજા પામનારાઓ તો થોડા વર્ષ પૃથ્વી પર વિતાવ્યા હોય છે, જ્યારે ગર્ભ માંહેના બાળકે હજુ સુધી ધરતી પર શ્વાસ પણ લીધો હોતો નથી. ગેસ ચેમ્બરમાં હજારો યહૂદીઓને મારનારને દુનિયા અપરાધી ગણતી હોય, તો પોતાના સંતાનોને મોતને ઘાટ ઉતારનારાં દંપતિ, નિર્દોષ કેવી રીતે લેખાય ? જે વર્ષે આપણે બાળવર્ષ ઉજવ્યું, એ વર્ષ માંહેજ આપણે કેટલા બાળકોની હત્યા કરી એ આંકડા આરોગ્ય મંત્રી જણાવે છે, તો આપણો બાળપ્રેમ અને જીવદયાનો સાચો આંક જાણવા મળે.



આ દુનિયામાં માત્ર ત્રણ વ્યક્તિઓએ ગર્ભપાત સામે પોતાનો અવાજ બુલંદ કર્યો છે. સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધી અને ખ્રિસ્તી ધર્મના-વડા નામદાર પોપ. અન્ય કેટલાક વિચારકો, ચિંતકો અને સમાજ સેવકોએ મારી જેમ પોતાના વિચારો પ્રગટ કરવાનો પ્રયત્ન કર્યો હશે. પરંતુ ભૌતિકવાદી નગારખાનામાં અમાર તતુડી કોણ સાંભળે ? ઈશ્વરી ન્યાય જેવી કોઈ વસ્તુ હશે તો ત્યાં અમારો વિરોધ જરુર નોંધાશે. યાદ રાખો ગર્ભાધાન વખતે જ વ્યક્તિની ઉંચાઈ બુદ્ધિનો આંક (I-Q) ચાલવાની ઢબ આંગળાના નિશાન લોહીનું ગ્રૂપ અને મોટાભાગની વિશેષતાઓ નક્કી થઈ જાય છે. માંહેનું બાળક સંપૂર્ણ વ્યક્તિત્વ ધરાવે છે. પછીની ઉંમરમાં માત્ર તેનો ઉઘાડ જ થાય છે. જો ગર્ભપાત કાયદેસર ગણાય તો દુનિયામાં ચોરી ખૂન બળાત્કાર પણ આગળ જતાં કાયદેસર થશે. મારે એની તલવાર જંગલનો કાયદો છે. સભ્ય સમાજ તેને સ્વીકારે તો



જંગાલિયત જીવનમાં હર ક્ષેત્રે ઝડપભેર પ્રવેશી જશે. દાકતરોના પિતા હિપોક્રેટ્રકની સોગંદ વિધિમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે "હું ડોકટર બન્યો છું જીવન બચાવવા માટે, જીવનનો નાશ કરવા માટે નહિ" અને આજના ડોકટરો નાશવંત ચીજના/જીવના સુખચેન માટે પોતાની પ્રતિજ્ઞા તોડીને હજારો જીવોને નાશ કરે છે. સરકારી સમર્થન સાથે કલિયુગનાં અંતિમ ચરણની આ બલિહારી છે. થઈ શકે એક માત્ર એટલું જ કે જેમનો આત્મા ન સ્વીકારે તેવા સર્જનો આ ઘેટાં દોડમાં ન જોડાય...

## હવે શું ?

પુસ્તિકા વાંચીને સંકલ્પ કરજો કે જીવનમાં કદી પણ નરકગતિમાં કારણભૂત આ પાપ કરવું નથી. પરંતુ અજ્ઞાનવશ જો કદાચ આ પાપ થઈ ગયું હોય તો કોઈ મહાપુરુષ ગીતાર્થ એવા ગુરૂ ભગવંત પાસે જઈ આ પાપનું પ્રાયશ્ચિત્ત સાચા દિલથી કરી લેજો, અને થઈ ગયેલા આ પાપની નિંદા-ગર્હા આત્મસાક્ષીએ વારંવાર કરજો તો બાંધેલા કર્મો નિર્બળ થશે. અને આયુષ્યનો બંધન ન પડ્યો હોય તો નરકાદિ દુર્ગતિથી બચી જવાશે.



## ચિત્ર પરિચય

સામે કુતરી પોતાના મોઢામાં બચ્ચાને પકડી રહી છે. પશુ-પંખીઓ પણ પોતાના બચ્ચાને પ્યાર કરે છે. કુતરી પણ પોતાના બચ્ચાને વ્હાલ જ કરે છે. પણ સાંભળ્યું છે કે ક્યારેક કોઈકવાર અત્યંત ભૂખની પીડાથી વ્યાકુળ થાય છે ત્યારે કુતરી પોતાના તાજા જન્મ આપેલા બચ્ચાને ખાવા પ્રયત્ન કરે છે. પણ આજની નારી તો વગર કારણે માત્ર પોતાની મોજ-મજા માટે બાળકનું ખૂન કરાવે છે. આવી નારી કૂતરી કરતા વધુ ભૂંડી ન કહેવાય ?



## ચિત્ર પરિચય

આ ચિત્રમાં નાગણ પોતાના જન્મ આપેલા બચ્ચાને જ ખાઈ રહી છે. એમ કહેવાય છે કે નાગણ જન્મ આપ્યા પછી બચ્ચાઓને ખાઈ જાય છે. ક્રુર જીવોમાં નાગણની ગણત્રી થાય છે. જન્મ આપતા પૂર્વે જ બાળકોને ખતમ કરનારી માતા શું નાગણ છે કે તેથી પણ નીચી કક્ષાએ ઊતરી ગયેલ છે?

## સહયોગ

આ પ્રકાશનનો સંપૂર્ણ લાભ લેનાર
પિંડવાડા નિવાસી (હાલ મુંબઈ)

### દિવાળીબેન તારાચંદ જવાનમલ મહેતા પરિવાર

હા. (૧) કુંદનમલ તારાચંદ ધર્મપત્ની સ્વ. લીલાબેન
પુત્ર : મહેન્દ્રકુમાર પુત્રવધુ : સુલોચનાબેન
પૌત્ર : અદીશ પૌત્રી : રાશી

હા. (૨) જયંતિલાલ તારાચંદ ધર્મપત્ની લીલાબેન
પુત્ર : ચંદ્રકાન્ત વ મધુકાન્ત

હા. (૩) સ્વ. નેમિચંદ તારાચંદ
પુત્ર : દિનેશ - નિતીન

હા. (૪) સ્વ. મીસરીમલ તારાચંદ ધર્મપત્ની કંચનબેન
પુત્ર : અનીલ